સંસ્કાર જ્યોત વાર્તા શ્રેણી ૨

# રુદ્રદેવ અને સોમા



- લેખક -
પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ.

સંસ્કારજ્યોત વાર્તાશ્રેણી

# રુદ્રદેવ અને સોમા

( રોમાંચક વાર્તા )

૨

: લેખક :

સ્વ. પરમારાધ્યાપાદ સિદ્ધાંતમહોદધિ આચાર્ય ભગવંત શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ. પરમ શાસન પ્રભાવક તપોનિધિ આચાર્ય દેવશ્રી ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજના શિષ્ય પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ.

जैन साहित्य प्रकाशन
ग्रन्थ सूचना
इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें.
जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.

—પ્રકાશક—

શ્રી પ્રેમસૂરીશ્વરજી જૈન સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ

નવરંગપુરા, અમદાવાદ-૯

પ્રથમ સંસ્કરણ

નકલ ૨૦[illegible]

વિ. સં. ૨૦૩૨

( સર્વ હક્ક સંસ્થાને સ્વાધીન છે )

—પ્રાપ્તિસ્થાન—

૧ સેવંતીલાલ સાંકળચંદ શાહ
'રત્નમણિ' ૧ લે માળે,
સ્ટેડિયમ રોડ, ન્યુ સ્કૂલની
બાજુમાં, નવરંગપુરા,
અમદાવાદ-૯.

૨ અખિલ ભારતીય સંસ્કૃતિ-
રક્ષકદળ
નીશા પોળ, રિલીફ રોડ,
અમદાવાદ-૧

*

૩ જશવંતલાલ ગીર[illegible]લાલ
બુકસેલર
ડોસીવાડાની પો[illegible]
અમદાવાદ-૧

*

૪ સ[illegible] પુસ્તક ભંડાર
હાથી[illegible]ા, રતનપોળ
અમ[illegible]-૧

( આ સંસ્થાનાં [illegible]મ પુસ્તકો ઉપરનાં [illegible]ામેથી મળશે. )

મૂલ્ય ૨ રૂપિયા

મુદ્રક :
પ્રીમા પ્રીન્ટરી
રીલીફ સીનેમા
પાછળ

## સંસ્કારજ્યોત વાર્તાશ્રેણીના પ્રકાશન પ્રસંગે

શ્રી સકલ સંઘને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે ગત દિવાળી પર અમારા ટ્રસ્ટ તરફથી પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્ત વિજયજી મહારાજ સાહેબની કસાયેલી કલમે લખાયેલ જ્ઞાનજ્યોત વાર્તા-શ્રેણીનો દશ પુસ્તકોનો સેટ સુંદર રંગઢંગમાં પ્રગટ કરવામાં આવ્યો હતો. હવે આ દીપાવલી પર પૂ. મહારાજશ્રીએ મલાડના ચાતુર્માસ દરમિયાન સંસ્કારજ્યોત વાર્તાશ્રેણીનાં દશ પુસ્તકો સુંદર શૈલીમાં લખ્યાં છે. તેથી અમારા ટ્રસ્ટે આ દશ પુસ્તકોની શ્રેણીનો સેટ છપાવી પ્રકટ કરવા નિર્ણય કર્યો છે.

ગત સાલ પ્રકાશિત કરેલી જ્ઞાનજ્યોત વાર્તાશ્રેણીનાં પુસ્તકો ખૂબ જ લોકપ્રિય બન્યાં છે, તેની ખૂબ જ માંગ ચાલુ છે. અત્યાર સુધીમાં ૫૦૦ સેટો તો ચપોચપ ઊપડી ગયા છે.

હવે આ વર્ષે આ સંસ્થા તરફથી બીજી વાર્તાશ્રેણીનું નવું ક્ષિતિજ ખૂલે છે. આજે ચારેકોરથી વાર્તાનાં પુસ્તકોની ખૂબ જ માંગ હતી, તેથી પૂ. મહારાજશ્રીએ ખાસ નવી પેઢીને લક્ષમાં રાખીને આ નવી વાર્તાશ્રેણી 'સમરાઇચ્ચ કહા' ગ્રંથના આધારે લખી આપી છે.

આજકાલ નવી પેઢીનું ચારિત્ર-ચણતર કરવા આવાં કથાચરિત્રોની ખૂબ જ જરૂર છે.

મલાડ (ઇસ્ટ) શ્રી હીરસૂરીશ્વરજી જૈન તપાગચ્છ સંઘ તરફથી આ વાર્તાશ્રેણીના પ્રકાશનમાં સારો આર્થિક સહકાર મળ્યો છે.

સૌ આ સંસ્કારજ્યોત વાર્તાશ્રેણીનાં પુસ્તકો વાંચી સંસ્કારના ધનવાળા બને એ જ શુભેચ્છા.

લિ.

**ચંદ્રકાન્તભાઈ કાન્તિલાલ શાહ**
**સેવંતીલાલ સાંકળચંદ શાહ**
શ્રી પ્રેમસૂરીશ્વરજી જૈન સાહિત્ય
પ્રકાશનના ટ્રસ્ટીઓ

નવરંગપુરા
અમદાવાદ
વિ. સં. ૨૦૩૭
દીપાવલી

# પ્રાસ્તાવિકમ્

પુસ્તકનું નામ છે 'રુદ્રદેવ અને સોમા' ! સંસ્કાર-જ્યોત વાર્તાશ્રેણીનું આ બીજું પુસ્તક છે. જેના લેખક છે વિદ્વદ્વર્ય પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્ત વિજયજી મહારાજ !

પ્રકાશિત થતા પુસ્તકમાં પુસ્તકની અગત્યતા અને અમૂલ્યતા તરફ આંગળી ચીંધણું કરતી પ્રસ્તાવના પ્રગટ કરવાની ચાલી આવતી પ્રણાલિકા મુજબ આ પુસ્તકને પણ પ્રસ્તાવનાની જરૂરત ઊભી થાય એ સ્વાભાવિક છે.

પ્રસ્તાવના-લેખન એ મારો વિષય નથી. પ્રસ્તાવના-લેખન માટે પણ એક આગવી માનસસૂઝ અપેક્ષિત હોય છે, જે મારામાં નથી; એમ હું જાણતો હોવા છતાં પ્રસ્તાવના-લેખન માટે સામેથી આવેલી માગણીને પાછી ઠેલવી એ પણ સરસ્વતીનું એક અપમાન છે એમ માની બે શબ્દો આ પુસ્તક માટે લખવા પ્રેરાયો છું.

રુદ્રદેવ અને સોમાનાં બે કથાપાત્રો આ પુસ્તકનાં પાનાંના પડદા પર વારે ઘડીએ આવીને અવનવા વેષો ભજવી જતા દેખાય છે. એટલું જ નહિ પણ આગળ શું

થશે ને શું આવશે? એવી એક માનસિક અપેક્ષા અને જિજ્ઞાસાને સહાયે જીવંત રાખવાની કલામાં આ બન્નેને પૂર્ણ સફળતા મળી હોય એવું પણ પ્રત્યક્ષ દેખાય છે.

ઇતિહાસનાં પાનાંઓમાં અકબંધ પડેલી અનેક કથાઓમાંની આ એક કથા માત્ર ઐતિહાસિકતાને નહિ પણ ઘર-ઘરમાં ને ઘટ-ઘટમાં રોજ રોજ ખેલાતા રાગ-વિરાગના રણસંગ્રામો અને આસ્તિકય–નાસ્તિકયનાં નગ્ન તાંડવોનું સાક્ષાત્ દર્શન કરાવી જાય છે.

એક જ ઘરમાં જ્યારે એક રાગી અને બીજું વિરાગી, એક નાસ્તિક અને બીજું આસ્તિક પાત્ર કર્મયોગે પરસ્પર જોડાઈ જાય છે ત્યારે વિરાગીને કેટલું મજબૂત મનોબળ કેળવીને એની સામે ઝઝૂમવું પડે છે ને પોતાના આસ્તિકયના આદર્શનો ઝીલમીલ દીવો ઓથ આપીને ઝળહળતો રાખવો પડે છે; એ જોવા સંસ્કારજ્યોત વાર્તાશ્રેણીનું આ બીજું પુસ્તક ખૂબ જ ઉપયોગી બની શકવાની પૂર્ણ શકયતા ધરાવે છે.

કોરા ઘડા જેવા કે કોરી પાટી જેવાં બાળકોના જીવનતંત્ર પર આ કથાપાત્રો ત્યાગ–વિરાગ અને આસ્તિકયના એકડા–બગડા ઘૂંટાવી પૂર્ણત્યાગ અને પૂણવિરાગ સુધી પહોંચાડવાની કામગીરીમાં પગથિયાનું શ્રેય પ્રાપ્ત કરી શકે એમ છે.

સમસ્ત કથામાં લેખકશ્રીએ વચમાં વચમાં મૂકેલાં ઉપદેશક સુવાક્યો ખૂબ જ સુંદર અને વાચકે પોતાની જુદી ડાયરીમાં નોંધી લેવા જેવા લાગે છે.

પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્ત વિજયજી મહારાજે ઉપેક્ષિત એવાં બાળકોના જીવન તરફ પોતાની દૃષ્ટિ કેન્દ્રિત કરી બાલસાહિત્ય પૂરું પાડવા 'સંસ્કારજ્યોત વાર્તાશ્રેણી' પ્રોત્સાહિત કરવા આવી સુંદર કથાઓ લખી આપવાનું ભગીરથ કાર્ય જે હાથ ધર્યું છે તે ખરેખર પ્રશંસાને પાત્ર છે.

'સંસ્કારજ્યોત વાર્તાશ્રેણી' આવાં સુયોગ્ય પ્રકાશનો દ્વારા સંઘ અને સમાજમાં બાળકોના જીવનઘડતરના કાર્યમાં ધારી સફળતા મેળવે એવી શુભ કામના.

—દાનસૂરિ જ્ઞાનમંદિર
કાર્તિક પૂર્ણિમા —મુનિ મુક્તિપ્રભ વિજયજી
તા. ૧૧-૧૧-૮૧, બુધવાર

# રાગ-વિરાગના ખેલ

ચંપાવાસ નામનું નગર. ત્યાં સુધન્વા નામનો ગાથાપતિ રહેતો હતો. આ ગાથાપતિ પાસે અઢળક સંપત્તિ હતી. તેને ધનશ્રી નામની સ્ત્રી હતી. આ શેઠ–શેઠાણીને સોમા નામની સુશીલ અને સૌંદર્યવતી પુત્રી હતી. આ સોમા યૌવન વયમાં આવી એટલે આ જ નગરના નિવાસી નંદ સાર્થવાહના પુત્ર રુદ્રદેવની સાથે તેણીને ધામધૂમથી પરણાવી. સોમા સાસરે આવી. પતિ સાથે વૈષયિક સુખનો અનુભવ કરતી સમય વ્યતીત કરે છે. એક વાર આ સોમા પોતાના પતિના ઘેરથી પિતાના ઘરે જતી હતી ત્યાં રસ્તામાં આવતાં બાલચંદ્રા નામના સાધ્વી મહારાજ અને શિષ્યાઓથી વિહાર કરીને પરિવરેલા જોવામાં આવ્યાં. સોમાને બાલચંદ્રા સાધ્વીનેજોઈને ખૂબ જ આનંદ થયો. તેણીનાં નયનકમળ વિકસ્વર થયાં, રોમ રોમ હર્ષથી ખડા થઈ ગયા. આનંદથી આંખો નાચી ઊઠી. બાલચંદ્રા સાધ્વી સાક્ષાત્ શાસનદેવી જેવાં છે. પ્રબળ પુણ્યનો ઉદય હોય તો જ આવા મહાન તપસ્વી, મહાસંયમી, ગુણનિધિ સાધ્વી મહારાજનો સમાગમ થાય.

સોમાએ અંજલિ જોડીને અત્યંત બહુમાનથી બાલચંદ્રા સાધ્વીને વંદના કરી. સાધ્વીએ શિવસુખના બીજભૂત એવો

ધર્મલાભનો આશીર્વાદ આપ્યો. સોમાને સહજભાવે આ સાધ્વી પ્રતિ અત્યંત ભક્તિ–પ્રીતિ ઉત્પન્ન થયાં. તેથી સોમાએ સાધ્વી મહારાજને પૂછ્યું કે આપ ક્યાં ઉતરવાનાં છો? સાથેની સાધ્વીઓએ કહ્યું કે અમે અમુક ઉપાશ્રયમાં ઉતરવાના છીએ અને ત્યાં માસકલ્પ કરવાનાં છીએ.

પછી સોમા પોતાના પિયર જઈને માતાપિતાને મળીને પુનઃ પતિના ઘેર આવી. રોજ બાલચંદ્રા સાધ્વી પાસે જઈને વિનયપૂર્વક દર્શન–વંદન કરી ધર્મોપદેશ સાંભળે છે.

વિદૂષી બાલચંદ્રા સાધ્વી સોમાને રોજ કર્મવનને બાળવા દાવાનલ સમાન, દુઃખરૂપી પર્વતનો ચૂરો કરવા વજ્ર સમાન, શિવસુખને આપવા માટે કલ્પવૃક્ષ સમાન એવો વીતરાગ કથિત ધર્મનું સ્વરૂપ બતાવે છે. રોજ સબહુમાન શુદ્ધ દેવગુરુ ધર્મના સ્વરૂપનું શ્રવણ કરતાં કરતાં દર્શન મોહનીય કર્મનો ક્ષયોપશમ થવાથી સોમા સમક્તિને પામી. શુદ્ધ વીતરાગદેવ, પંચ મહાવ્રતધારી ગુરુ અને કેવલી પ્રણિત ધર્મ ઉપર અતૂટ શ્રદ્ધા ઉત્પન્ન થઈ. હવે તો સોમાને મન તારણહાર શુદ્ધ દેવગુરુ અને ધર્મ જ લાગે છે. સંસાર હવે અસાર ભાસવા લાગ્યો, કામભોગો ફણિધરની ફણા જેવા ભયંકર દેખાવા લાગ્યા. ભોગમાં દુઃખનું અને ત્યાગમાં સુખનું સમ્યગ્દર્શન થયું. સંસારમાંથી દિલ ઊઠી ગયું. મોક્ષમાં જવા માટે દિલ તલપાપડ થવા માંડયું. આ રીતે સોમાએ સાધ્વીની સેવાથી સમક્તિ મેળવી ભવભ્રમણને મર્યાદિત કરી દીધું. ઘરે આવીને પોતાના પતિને વાત કરી

કે હવે મને વિષયસુખ ભોગવવામાં રસ રહ્યો નથી. વિષયસુખ તો વિષતુલ્ય છે. મેં આજથી બાલચંદ્રા સાધ્વી પાસે જૈન ધર્મનો સ્વીકાર કર્યો છે. સોમાની વાત સાંભળી ભારેકર્મી અને નાસ્તિક જેવા તેણીના પતિએ કહ્યું કે વિષયસુખમાં અંતરાય કરનાર ધર્મનો તું ત્યાગ કર અને મળેલું જે પ્રત્યક્ષ સુખ છે તેને ભોગવ. પરલોક કોણે જોયો છે? તને સાધ્વીએ ઠગી છે. જે મૂર્ખ હોય તે જ પ્રત્યક્ષ સુખને છોડીને પરોક્ષ સુખની ઇચ્છા કરે. આપણને પુણ્યના ઉદયે આ પાંચે ઇન્દ્રિયોનાં ભરપૂર સુખો મળ્યાં છે અને હજી યુવાનવય છે, તેથી મારી સાથે ભોગો ભોગવ અને માનવ ભવને સફળ કર. ધર્મનું પકડેલું પૂંછડું છોડી દે.

ઉપર પ્રમાણેનાં પતિનાં નાસ્તિકતાને પ્રગટ કરનારાં વચનો સાંભળીને સોમાએ પોતાના પતિદેવને કહ્યું કે હે સ્વામી! વિષયસુખોથી હવે સર્યું! આવાં સુખો તો આ જીવે ભૂતકાળમાં અનંતીવાર, અનંતોકાળ ભોગવ્યાં, છતાં તેનાથી આ જીવને તૃપ્તિ ન થઈ, તો આ તુચ્છ અને અલ્પકાલીન માનવીય સુખોથી શું આ જીવ તૃપ્ત થઈ જવાનો છે? સળગતા અગ્નિમાં જેમ જેમ લાકડાં નાંખતા જાઓ તેમ તેમ તે અગ્નિ શાન્ત થવાને બદલે વધારે પ્રજ્વલિત થાય છે; તેમ જેમ જેમ કામભોગો ભોગવતા જઈએ છીએ તેમ તેમ કામની આગ શાન્ત થવાને બદલે વધુ ને વધુ પ્રજ્વલિત થતી જાય છે. જેમ સમુદ્ર હજારો નદીઓના પાણીથી પણ ન ધરાય, તેમ આ ઇન્દ્રિયોરૂપી

સમુદ્ર પણ હજારો વિષયોરૂપી નદીઓનાં પાણીથી પણ કદીયે ધરાતો નથી.

બીજું રૂપ, યૌવન, આરોગ્ય, આયુષ્ય, ધન–સંપત્તિ, સ્વજનનો સમાગમ બધું જ ચંચળ–અનિત્ય છે.

**ભોગવેલા ભોગોનું પરિણામ દુઃખદાયી છે. ભોગો ભવવનમાં ભટકાવનારાં છે.** પરવસ્તુમાં આ જીવને ભોગ-વવા જેવું કંઈ જ નથી. ભોગો ભોગવવા એ આત્માની વિડંબના કરવા જેવી છે. भोगे रोग भयं **ભોગમાં રોગનો ભય રહેલો છે, ભોગો પાપો કર્યા સિવાય** ભોગવી શકાતા નથી. કામસુખ માટે જ દુનિયાના અજ્ઞાન જીવો પાપો કરે છે. કરેલાં પાપો જીવને દુઃખો અને દુર્ગતિઓ આપે છે. બીજું વિષય સુખ તો પશુગણ સાધારણ છે. વિષયસુખ તો પશુઓ પણ ભોગવી જાણે છે, તો તે ભોગવવામાં પશુ કરતાં માનવીની શું વિશેષતા ?

પરંતુ સોમાનાં આવાં સોનેરી અને સત્ય વચનો રુદ્રદેવ માટે તો આગમાં ઘી હોમવા જેવા થઈ પડયાં. પોતાની પત્ની સોમા પર રુદ્રદેવને ખૂબ જ દ્વેષ ઉત્પન્ન થયો. સોમા સાથેનો બધો સંબંધ બંધ કરી નાંખ્યો. શારી-રિક સંબંધ પણ કાયમ માટે છોડી દીધો.

અને સોમા રુદ્રદેવને અત્યંત અપ્રિય થઈ પડવાથી તેણે નવો વ્યૂહ રચ્યો. રુદ્રદેવે બીજું લગ્ન કરવાની ઇચ્છાથી નાગદેવ નામના શેઠની પુત્રી (કન્યા) નાગશ્રી છે તેના

હાથની માગણી તેણીના પિતા પાસે કરી. રાગી અને વિરાગી, આસ્તિક અને નાસ્તિકના વિચારોનો કદીયે મેળ ખાય નહિ, ત્યાં પ્રાયે સંઘર્ષ થાય જ. અહીં રુદ્રદેવ અને સોમા વચ્ચે પણ એવું જ બન્યું. અત્યંત રાગાંધને વૈરાગીની વાત રુચે નહિ.

રુદ્રદેવે અપનાવેલો વ્યૂહ બાજીના પત્તાના મહેલની માફક તુરત જ તૂટી પડયો.

નાગદેવ શેઠે રુદ્રદેવને ચોખ્ખો નન્નો પરખાવી દીધો. કેમ કે નાગદેવ શેઠ અને સોમાના પિતા બંને ખાસ મિત્રો છે. મિત્રની પુત્રી જીવતી હોય તો મારાથી તેના ઉપર મારી કન્યા કેમ અપાય ?

દુષ્ટ રુદ્રદેવે એમ વિચાર કર્યો કે જ્યાં સુધી આ સોમા જીવતી છે ત્યાં સુધી મને નાગદેવ શેઠ પોતાની કન્યા નહિ આપે. માટે હું જો આ સોમાને યમ-સદનમાં પહોંચાડી દઉં તો જ નાગદેવ મને પોતાની કન્યા પરણાવશે.

માનવ એક પોતાનો તુચ્છ સ્વાર્થ સિદ્ધ કરવા માટે કેટલો નીચો ઊતરી જાય છે તે અહીં જોવા મળે છે.

સ્વાર્થ આંધળો છે તે માત્ર પોતાના જ સુખનો વિચાર કરે છે, જ્યારે પરોપકાર દેખતો છે, તે પોતાના સુખનો વિચાર છોડી બીજાના સુખનો જ વિચાર કરે છે. સ્વાર્થીને સ્વનો જ વિચાર હોય છે. પરોપકારીને પારકાનો વિચાર હોય છે. સ્વાર્થી પાપી છે, પરોપકારી પુણ્યશાળી

છે. સ્વાર્થમાં એકલું પાપ ભર્યું છે, જ્યારે પરોપકારમાં એકલું પુણ્ય ભર્યું છે. જ્યાં સ્વાર્થ ત્યાં સંસાર અને જ્યાં પરોપકાર ત્યાં મોક્ષ. સ્વાર્થી માણસ વિશ્વાસપાત્ર ન ગણાય.

આ રુદ્રદેવ પોતાની પત્નીનો હંમેશ માટે કાંટો કાઢી નાખવા એક વાર જંગલમાં જઈને એક ઘડામાં ઝેરી સાપ લઈ આવ્યો અને સોમા ન જાણે તે રીતે ઘરના એકાંત ભાગમાં તે સાપવાળા ઘડાને મૂક્યો.

રાતનો પ્રથમ પહોર વીત્યો. રાત્રીએ પોતાનો અંધાર પછેડો પૃથ્વી પર બરાબર પાથરી દીધો છે અને સ્ત્રી-પુરુષનો સૂવાનો જ્યારે બરોબર સમય તે વખતે બહારથી સોમા પ્રત્યે સ્નેહ બતાવતો રુદ્રદેવ કહે છે કે હે પ્રાણપ્રિયે ! હું આજે તારા માટે સુંદર ફૂલની માળા બજારમાંથી લઈ આવ્યો છું. તે માળા અમુક જગ્યાએ મેં મૂકેલી છે, તો તું ત્યાં જઈને તે ફૂલની માળા લઈ આવ. ભોળી બિચારી સોમા પતિની વાતને સાચી માની તે તો ફૂલની માળા લેવા જ્યાં ઘડામાં હાથ નાખે છે તો આખા દિવસનો છંછેડાયેલા ઝેરી સાપે તેના હાથ પર જોરદાર ડંખ માર્યો. સોમા ધ્રૂજતી અને દોડતી એકદમ પોતાના પતિ પાસે આવીને કહે છે કે મને સાપે ડંખ માર્યો. માયાવી રુદ્રદેવ સોમાની વાત સાંભળીને બોલ્યો કે હેં ! તને સાપ કરડયો ? ખોટો ખોટો કોલાહલ કરીને કાળક્ષેપ કર્યો. જેથી આખા શરીરમાં ઝેર વ્યાપી જાય અને જલદી સોમા યમ-સદનમાં પહોંચી જાય.

સોમાની નસો એકદમ ખેંચાવા લાગી, હૃદયના ધબકારા એકદમ વધી ગયા, જાણે આખી પૃથ્વી ભમતી હોય તેવો અનુભવ થવા લાગ્યો. પછી શરીર કાબૂમાં ન રહેવાથી જમીન પર ઢળી પડી. બાલચંદ્રા સાધ્વી પાસેથી ધર્મ પામેલી છે તેથી આવી ઘોર પીડામાં પણ હાયવોય ન કરતાં સમતાભાવે ઝેરની પીડાને સહન કરતી અને મનમાં નવકારમંત્રને યાદ કરતી સમક્તિના પ્રભાવે મરીને સૌધર્મ દેવલોકમાં લીલાવતંસક નામના શ્રેષ્ઠ દેવ–વિમાનમાં એક પલ્યોપમના આયુષ્યવાળા દેવ તરીકે ઉત્પન્ન થઈ. અહીં સોમાનો આત્મા દેવ સ્વર્ગની અપ્સરાઓ સાથે દિવ્ય ભોગોને ભોગવતાં પોતાનો સમય પસાર કરે છે. આ બાજુ સોમાનું મરણોત્તર કાર્ય પતાવીને રુદ્રદેવ નાગદત્ત શેઠની કન્યા નાગશ્રીને પરણ્યો. ખૂબ જ વિષયાંધ છે. બીજી બાજુ સોમાને આ દગો કરીને મારી નાંખી. સ્ત્રીહત્યાનું ઘોર પાપ અને બીજા કેટલાંયે પાપો કરીને રૌદ્રધ્યાનમાં મરીને પહેલી રત્નપ્રભા નામની નરકમાં ઉત્પન્ન થયો. પાપીના માટે નરક તૈયાર છે. ધર્મીના માટે સ્વર્ગ તૈયાર છે. જેવું કરે તેવું પામે. રુદ્રદેવનું નરકમાં એક પલ્યોપમનું (અસંખ્યેય વર્ષનું) આયુષ્ય છે. અહીં રુદ્રદેવ ઘોરાતિઘોર અંધકાર અને ભયંકર ગંદકીમાં નિત્ય પડ્યો રહી ભયંકર ભૂખ–તરસનું, પરમાધામી કૃત વેદનાનું, પરસ્પર મારામારીનું અને ક્ષેત્રકૃત વેદનાનાં જાલીમ હજારો દુઃખો સદૈવ ભોગવી રહ્યો છે.

આ બાજુ સોમાનો જીવ દેવ અસંખ્યેય વર્ષો સુધી દેવલોકનાં દિવ્ય સુખો ભોગવી આયુષ્ય પૂર્ણ કરીને સુંસુમાર નામના જંગલમાં સુંસુમાર નામના પર્વત ઉપર હાથી તરીકે ઉત્પન્ન થયો.

સોમાએ દેવલોકમાં દિવ્ય કામભોગોમાં અત્યંત આસક્ત બનીને પ્રાપ્ત થયેલું સમક્તિ રત્ન ગુમાવી નાંખેલું તેથી દેવપણામાંથી મરીને હાથી તરીકે ઉત્પન્ન થઈ.

આ બાજુ નરકમાં ગયેલો રુદ્રદેવ તેનું એક પલ્યોપમનું આયુષ્ય પૂર્ણ કરીને આજ સુંસુમાર પર્વત ઉપર પોપટ તરીકે જન્મ્યો.

હાથી ક્રમશઃ યૌવનવયમાં આવ્યો. પોતાની હાથણી સાથે ભોગલીલા કરતો પર્વત પર હાથી ભમતો હતો ત્યારે પેલો પોપટ તેને જોઈ ગયો. પૂર્વભવના દ્વેષના કારણે હાથીને જોઈને એકદમ દ્વેષભાવ–વૈરભાવ ઉત્પન્ન થયો. પૂર્વજન્મમાં પાડેલા રાગ–દ્વેષના સંસ્કારો અનેક જન્મો સુધી જીવની સાથે ને સાથે ચાલ્યા આવે છે. પેલા પોપટે વિચાર કર્યો કે આ હાથીને ભોગસુખથી વંચિત કરવો જોઈએ. તેથી ઉપાય શોધવા લાગ્યો. દુર્જન બીજાનું સુખ જોઈ શકતો નથી. તેથી બીજાને સુખથી ભ્રષ્ટ કરવા થાય તેટલા પ્રયત્નો કરે છે.

એક વાર અહીં લીલારતિ નામનો વિદ્યાધર આવે છે. આ વિદ્યાધર મૃગાંકસેન વિદ્યાધરની બહેન ચંદ્રલેખાનું

અપહરણ કરીને આવેલો છે. તેથી ચંદ્રલેખાનો ભાઈ લીલરતિ નામનો વિદ્યાધર તેને પકડવા તેની પાછળ પડ્યો છે. તેથી અહીં પર્વત પર છુપાવા માટે આવ્યો છે.

મૃગાંકસેન વિદ્યાધર પેલા પોપટને જોઈને કહ્યું કે અમે અહીં પર્વતની કુંજમાં (ઝાડીમાં) સંતાઈ જઈએ છીએ. હમણાં અહીં એક વિદ્યાધર આવશે. તારે તેને ન કહેવું કે અમે અહીં સંતાયેલા છીએ અને તે વિદ્યાધર અહીંથી જાય પછી તારે અમને જણાવવું. તું જો આટલું અમારું કામ કરીશ તો હું તારા ઉપકારનો બદલો વાળીશ. આમ પોપટને કહીને લીલારતિ વિદ્યાધર ચંદ્રલેખા સાથે પર્વતની કુંજમાં છુપાઈ ગયો.

પોપટ નારિયેળીના ઝાડ પર માળો બાંધીને પોતાના માળામાં પેલા મૃગાંકસેન વિદ્યાધરની રાહ જોઈને બેઠો છે. એટલામાં પેલો વાયુવેગે મૃગાંકસેન વિદ્યાધર ત્યાં આવ્યો. પોપટે તેને આડુંઅવળું સમજાવીને ત્યાંથી રવાના કર્યો.

આ બાજુ પેલો હાથી પોતાની હાથણી સાથે લીલા કરતો કરતો અહીં આવ્યો. પોપટે હાથીને જોઈ લીધો અને પોપટે વિચાર કર્યો કે અત્યારે હાથી પ્રત્યેનું વેર વાળવાનો સારો અવસર છે. તેથી પોપટ પોતાની પોપટી (સ્ત્રી)ને આ હાથી સાંભળે તે રીતે કહે છે કે હે સુંદરી! મેં ભગવાન વશિષ્ટ ઋષિ પાસેથી સાંભળ્યું છે કે અહીં સુંસુમાર પર્વત ઉપર સર્વકામિત પતન છે. અહીં જે જીવ

જે કામના કરીને આ પતન પરથી પડે તે તેની કામના મુજબ તુરત જ ફળ પ્રાપ્ત કરે છે.

પોપટની સ્ત્રીએ પોપટને પૂછયું કે હે સ્વામીનાથ! તે સ્થાન કયાં આવ્યું? પોપટે કહ્યું આ સાલ નામનું વૃક્ષ છે તેની ડાબી બાજુએ.

પોપટની સ્ત્રીએ કહ્યું કે જો આપ કહો છો તે વાત સત્ય હોય તો ચાલો આપણે ત્યાં જઈને પતન પરથી પડીને વિદ્યાધર-વિદ્યાધરી બની જઇએ. આ તિર્યંચપણાથી સર્યું. હાથીને ફસાવવા પોપટે ચાલાકી કેવી કરી? પોપટને મળેલી બુદ્ધિનો કેવો ભયંકર દુરુપયોગ કરે છે તે અહીં જોવાનું છે. બીજા જીવોને દુઃખી કરવા, હેરાન કરવા, ફસાવવા, મારવા માટે બુદ્ધિનો દુરુપયોગ કરવો એના કરતાં બુદ્ધિ ન મળે તો સારું! જેથી જીવ પાપ તો ન બાંધે!

એક નાનકડો પોપટ પોતાને મળેલી બુદ્ધિના પ્રભાવે હાથી જેવા વિશાળકાય પ્રાણીને ફસાવવા, તે જાણે તેવી રીતે પોપટ-પોપટી ત્યાંથી ઊડીને સીધા પેલા પર્વતના પતનસ્થાન ઉપર જઈને ત્યાંથી શીઘ્ર ઊડીને પેલો વિદ્યાધર અને વિદ્યાધરી જયાં છુપાઈ રહ્યાં હતાં ત્યાં જઈને કહ્યુ કે પેલો તમારો દુશ્મન વિદ્યાધર તો અહીં આવીને ચાલ્યો ગયો છે. તેથી હવે તમે બંને નિર્ભય થઈને અહીંથી ચાલ્યા જાવ. પોપટના કહેવાથી ત્યાં સંતાઈ રહેલા વિદ્યાધર અને વિદ્યાધરી ત્યાંથી વિદ્યાના બળે ઊડીને બહાર આવ્યાં. પેલો

હાથી આ બધું નજરોનજર જોઈ રહ્યો છે–તેથી સ્થૂલબુદ્ધિવાળા હાથીએ વિચાર કર્યો કે પેલા પોપટની વાત સાચી નીવડી. જો તેઓ પોપટ–પોપટી પેલા પતનસ્થાન ઉપરથી નીચે પડયાં તો તુરત જ વિદ્યાધર–વિદ્યાધરી બનીને બહાર આવ્યાં. તો હું પણ મારી હાથણી સાથે તે પર્વતના પતનસ્થાન ઉપરથી દેવ–દેવી બનવાની ઇચ્છા કરીને પડીએ તો અમે પણ પશુજીવનથી બચી દેવ–દેવી થઈ જઈએ.

હાથીના મનમાં લોભે પ્રવેશ કર્યો. આગળ–પાછળનો વિચાર કરવાની હાથી પાસે બુદ્ધિ નથી, તેથી પોપટે રચેલા ષડ્યંત્રમાં હાથી ફસાઈ જાય છે. હાથી દેવ–દેવી બનવાનું પ્રણિધાન કરીને લોભથી ખેંચાઈને તે પર્વતના સર્વકામિત પતન પર હાથણી સાથે ચઢે છે અને ત્યાંથી બંને નીચે પડતું મૂકે છે. તે બંને પડીને દેવ–દેવી તો ન થયાં પણ હાડકાં અને હાથ–પગ ભાંગી ગયાં અને રીબાઈને અકામનિર્જરા કરીને બંને મરી ગયાં. પેલો પોપટ પોતાની યોજના સફળ થઈ તે બદલ મનમાં ખૂબ જ હરખાય છે. મેં કેવો હાથીને આબાદ ફસાવીને મારી નાખ્યો ? તે બદલનો ગર્વ લે છે.

એક બાજુ પાપ કરવું અને પાપ કરીને ગર્વ લેવો–છાતી ફુલાવવી તે પાપના ઝેરને વધારવાનું કામ છે. શ્રેણિક રાજાએ ગર્ભવતી હરણીનો શિકાર કર્યો અને પછી ગર્વ લીધો કે હું કેવો બાણાવળી કે એક બાણથી બેના જીવ લીધાં ? તેથી ત્યાં નરકનું આયુષ્ય નિકાચિત કરી નાંખ્યું.

આ અજ્ઞાની મહાકપટી પોપટે હાથીને ઠેકાણે પાડ્યો તેથી તેને ખૂબ જ નિરાંત થઈ. દુષ્ટ, પાપી, હલકા જીવો બીજાને દુઃખમાં નાંખીને, બીજાને દુઃખી જોઈને પોતે નિરાંત વાળે છે.

બીજા જીવો ઉપરનો દ્વેષભાવ-વૈરભાવ રાખતા જ ભયંકર કોટિનાં પાપો જીવ પાસે કરાવે છે. જો તમારે આવા ભયંકર કોટિનાં પાપોથી બચવું હોય તો કોઈ પણ જીવ ઉપર દ્વેષભાવ-વેરભાવ રાખતા નહિ. સૌ જીવો ઉપર પ્રેમભાવ-મૈત્રીભાવ રાખજો.

જીવદ્વેષ અને જડપ્રેમ આ બે જ સઘળાયે પાપોનું મૂળ છે

જો જીવ ઉપરનો દ્વેષ જાય અને જડ ઉપરનો પ્રેમ રાગ જાય તો સઘળાંયે પાપો જીવનમાંથી જાય.

દુનિયાભરનાં સઘળાંયે પાપોનો જન્મ જીવ ઉપરના દ્વેષમાં અને જડ પરના પ્રેમ-રાગમાંથી થાય છે.

જો જીવ પર દ્વેષના બદલે પ્રેમ આવી જાય અને જડ પરના રાગના સ્થાને વિરાગ (વૈરાગ્ય) આવી જાય તો ચેતન ચોખ્ખો બની જાય. આખાયે જીવનનો નકશો બદલાઈ જાય. સાચા અર્થમાં ધર્મ પણ જીવદ્વેષ અને જડ-રાગ જાય ત્યારે આવે.

પેલો હાથી સર્વકામિત પતન પરથી પડીને અકામ-નિર્જરાથી કર્મ ખપાવીને કુસુમશેખર નામના વ્યંતરના

નગરમાં દેશોનપલ્યોપમના (પલ્યોપમમાં કંઈક ઓછું) આયુષ્યવાળો દેવ થયો. ત્યાં દેવલોકમાં ભવ્ય ભોગસુખો ભોગવે છે.

પેલો દુષ્ટ માયાવી હિંસક પોપટ મરીને રત્નપ્રભા પૃથ્વીમાં લોહિતમુખ નામના નરકમાં દેશોનપલ્યોપમના આયુષ્યવાળો નારક થયો.

હવે હાથીનો જીવ જે વ્યંતરદેવ થયેલો છે. તે ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી ચ્યવીને (મરીને) ચક્રવાલપુર નગરમાં અપ્રતિહતચક્ર નામનો સાર્થવાહ (શેઠ) રહે છે. તેની સ્ત્રી સુમંગલા છે. તેણીના ગર્ભમાં પુત્ર તરીકે અવતર્યો. ગર્ભ ત્રણ મહિનાનો થયો એટલે માતાને સારા દોહદ થયા. તે તેના પતિએ પૂરા કર્યા. નવ માસ બાદ જન્મ થયો. ઉચિત સમયે મા–બાપે તે પુત્રનું નામ ચક્રદેવ પાડયું. આ ચક્રદેવ ૪–૫ વર્ષનો થયો હશે ત્યાં પેલો પોપટનો જીવ જે નરકમાં ગયેલો છે તે નરકનું આયુષ્ય પૂર્ણ કરીને આ જ નગરમાં સોમશર્મા નામના રાજાનો પુરોહિત છે. આ પુરોહિતને નંદીવર્ધના નામની સ્ત્રી છે, તેની કુક્ષીમાં પુત્ર તરીકે આવ્યો. ક્રમશઃ તેનો જન્મ થયો. તેના મા–બાપે તેનું નામ રાખ્યું 'યજ્ઞદેવ'. ક્રમશઃ ચક્રદેવ અને યજ્ઞદેવ બાલ્યવય વટાવીને કુમારવયમાં આવ્યા. બંને વચ્ચે મિત્રતા થઈ. પણ ચક્રદેવની મિત્રતા સદ્ભાવપૂર્વકની હતી જ્યારે યજ્ઞદેવની મિત્રતા કપટભરેલી હતી.

પૂર્વભવમાં અભ્યસ્ત કરેલા દ્વેષભાવ અને ઈર્ષ્યાભાવના કારણે યજ્ઞદેવ ચક્રદેવને ઠગવાનો અને હેરાન કરવાનો લાગ શોધે છે. ચક્રદેવ સજ્જન અને સદાચારી હોવાથી યજ્ઞદેવને તેને ઠગવાનો કે હેરાન કરવાનો લાગ મળતો નથી. તેથી યજ્ઞદેવે બીજો ઉપાય શોધ્યો. તે નગરના નગરશેઠ ચંદન સાર્થવાહના ઘરમાં ચોરી કરવી અને તે ચોરીનો માલ ચક્રદેવના ઘરમાં મારે મૂકવો અને પછી રાજા પાસે જઈને કહીશ કે ચંદન સાર્થવાહના ત્યાં જે ચોરી થઈ છે તે ચક્રદેવે કરી છે અને તે ચોરીનો તમામ માલ ચક્રદેવના ઘરમાં છે. આથી રાજા કોપિત થઈને તેને દેહાંતદંડની સજા કરશે.

યજ્ઞદેવે પોતાની યોજના મુજબ ચંદન સાર્થવાહના ઘરમાં એક રાતના ચોરી કરીને સારી સારી કીમતી ચીજો ઉઠાવી અને સવારે તે બધો ચોરીનો માલ લઈને ચક્રદેવના ઘેર ગયો અને ચક્રદેવને કહ્યું કે આ મારી ખાનગી મિલકત છે, તે તું તારા ત્યાં રાખ. મારા પિતાના ભયથી હું તારા ત્યાં મૂકવા આવ્યો છું. યજ્ઞદેવની વાત સાંભળી અને આટલો બધો કીમતી માલ જોઈને ચક્રદેવને મનમાં શંકા પડી. તેથી યજ્ઞદેવને ખાતરી કરવા બરાબર પૂછી લીધું કે હે મિત્ર! સાચું બોલ. આ બધી કીમતી વસ્તુઓ તું ક્યાંથી લાવ્યો અને આ કોની છે? યજ્ઞદેવ કહે–હું તદ્દન સાચું કહું છું કે આ બધી વસ્તુઓ મારી છે, ફક્ત પિતાના ડરથી હું તારા ત્યાં મૂકવા આવ્યો છું. માટે તારે જરાયે શંકા રાખવી નહિ. ચક્રદેવની અનિચ્છા હોવા છતાં મિત્રની

દાક્ષિણ્યતાના કારણે તે બધી કીમતી વસ્તુઓ પોતાના ઘરમાં રાખી.

આ બાજુ સવાર પડી એટલે ચંદન સાર્થવાહને ખબર પડી કે મારા ત્યાં ચોરી થઈ છે અને કીમતી વસ્તુઓ ચોરાઈ છે. તેથી ચંદન સાર્થવાહે સીધા રાજા પાસે જઈને ચોરીની ફરિયાદ કરી. તેથી રાજાએ શેઠને પૂછ્યું કે બોલો શેઠ! તમારી શું શું વસ્તુઓ ચોરાઈ છે? તેથી શેઠે જે જે વસ્તુઓ ચોરાઈ હતી તે નામ સાથે લખાવી ને શેઠ ગયા. રાજાએ નગરમાં ઢોલ પિટાવી ઘોષણા કરાવી કે ચંદન સાર્થવાહના ત્યાં ચોરી થઈ છે. તે ચોરીનો માલ કોઈ લેવડદેવડ કરતાં કોઈના ત્યાં આવેલો હોય તો અહીં રાજ-દરબારમાં આવીને પાછો આપી જાય, નહિ તો રાજા તેને ભયંકર સજા કરશે. રાજા તેનું સર્વ ધન પડાવી લઈને દેહાંતદંડની સજા કરશે.

ઘોષણા કરાવે પાંચ-પાંચ દિવસ વીતી ગયા, પણ કોઈ કહેવા કે ચોરીનો માલ પાછો આપવા આવ્યું નહિ. ત્યારે યજ્ઞદેવે વિચાર કર્યો કે હવે હું રાજસભામાં જઈને રાજાને જણાવી દઉં કે તે બધો જ ચોરીનો માલ ચક્રદેવના ઘરમાં છુપાવેલો છે. આ પ્રમાણે વિચાર કરી યજ્ઞદેવ સીધો ઊપડ્યો રાજા પાસે. રાજા પાસે જઈને પ્રણામ કરીને ઠાવકા મોઢે કહે છે કે હે મહારાજા! જો કે મારે મિત્રનો દોષ પ્રગટ કરવો ન જોઈએ, પણ જે મિત્ર ચોરી જેવું અધમ કામ કરે તેવા મિત્રનું મારે કામ નથી. બીજું હું

જાણવા છતાં, આપનાથી વાત છુપાવું તો રાજદ્રોહી ગણાઉં. તેથી હું આપશ્રીને ચોરીના ભેદની વાત કરવા આવ્યો છું.

રાજા કહે: "તું જે જાણતો હોય તે ખુશીથી કહે. માયાનું મંદિર એવા દુષ્ટ યજ્ઞદેવે રાજાને કહ્યું કે હે દેવ! મેં ચક્રદેવના નજીકના સ્વજનો પાસેથી સાંભળ્યું છે કે ચંદન સાર્થવાહના ત્યાં ચોરી ચક્રદેવે કરી છે અને તે ચોરીનો બધો માલ તેણે તેના ઘરમાં છુપાવેલો છે.

રાજા કહે: "તારી વાત મારા માનવામાં આવતી નથી. ચક્રદેવ ખાનદાન ઘરનો છોકરો છે. ખૂબ જ સજ્જન અને નીતિમાન યુવાન છે. તેના માટે મને ઘણું જ માન છે. ચક્રદેવ આવું ચોરી જેવું હલકટ કામ કરે તે જરાયે મારા મગજમાં બેસતું નથી."

યજ્ઞદેવે કહ્યું કે હે દેવ! અજ્ઞાન અને લોભને પરવશ પડેલા માનવીઓ માટે અસંભવિત શું છે? ઉત્તમ ફૂલનો શો દોષ? શું સુગંધી પુષ્પોમાં કૃમિઓ ઉત્પન્ન થતા નથી? થાય જ છે. તેમ ભલે ચક્રદેવ ઉત્તમ ખાનદાન કુળમાં જન્મેલો હોય, પણ તેનામાં ચોરીનો દોષ સંભવિત્ત છે.

અને જો આપને મારી વાતમાં વિશ્વાસ ન બેસતો હોય તો આપ તેના ઘરની તપાસ (જડતી) કરાવો. જેથી ખબર પડી જશે કે મારી વાત સાચી છે કે જૂઠી.

યજ્ઞદેવની વાત સાંભળી શંકા જતાં રાજાએ તુરત જ

નગરના રક્ષક કોટવાળોને બોલાવી કહ્યું કે તમારે નગરના આગેવાન લોકોને સાથે રાખીને નગરના લોકોના એકેક ઘરની જડતી લેવાની છે. ખાસ કરીને ચક્રદેવ સાર્થવાહના ઘરની ખૂબ જ કાળજીથી તપાસ કરવાની છે. સાથે આ ચોરીનું પત્રક રાખો. ચંદન સાર્થવાહને પણ તપાસ વખતે તમારે સાથે રાખવા. જેથી તપાસ કરતાં પોતાની વસ્તુઓને ઓળખી શકે.

કોટવાળો રાજાની આજ્ઞા મુજબ નગરના આગેવાનો અને ચંદન સાર્થવાહને સાથે લઈને નગરનાં અમુક–અમુક ઘરોની ઉપર–ઉપરથી (દેખાવ કરવા પૂરતી) તપાસ કરતા કરતા ચક્રદેવના ત્યાં બધો વરઘોડો આવ્યો. ચક્રદેવને રાજાના માણસોએ પૂછ્યું કે હે ચક્રદેવ! તારા ત્યાં કાંઈ વ્યાપારમાં લેવડ-દેવડ કરતાં ભૂલથી આ ચંદન સાર્થવાહના ઘરની કોઈ વસ્તુ આવેલી છે? ચક્રદેવે નિર્ભય થઈને કહ્યું કે ના–ના.

રાજપુરુષોએ કહ્યું કે–હે સાર્થવાહ પુત્ર! તારે કોપ ન કરવો. આ તો આપણા મહારાજની આજ્ઞાથી અમે ચોરીની તપાસ માટે નીકળેલા છીએ. અનેક ઘરોની તપાસ કરતા કરતા તારે ત્યાં આવેલા છીએ. માટે તમારે જે સાચી હકીકત હોય તે કહી દેવી. અમારે તમારું ઘર તપાસવાનું છે. ચક્રદેવ કહે: “ખુશીથી તપાસો.” તેથી રાજાના માણસો, નગરના આગેવાનો અને ચંદન સાર્થવાહ ચક્રદેવના ઘરમાં પ્રવેશીને સૂક્ષ્મતાથી ચોરીના માલની તપાસ કરતાં ચંદન

સાર્થવાહના નામથી અંકિત એક ચાંદીનું વાસણ જોવા મળ્યું. તેથી તેને બહાર કાઢીને ચંદન સાર્થવાહને બતાવ્યું. ચંદન સાર્થવાહ કહે : "હું ચોક્કસ કહી શકતો નથી કે આ મારું છે." પછી પત્રક કાઢીને વાંચ્યું તો તેમાં આ ચાંદીના વાસણનું નામ હતું. આથી રાજપુરુષો એકદમ આશ્ચર્યમાં પડી ગયા અને ચક્રદેવને પૂછ્યું–"હે સાર્થવાહ પુત્ર ! સત્ય બોલ, આ વાસણ તારા ત્યાં કેવી રીતે આવ્યું ? ચક્રદેવે વિચાર કર્યો કે મિત્ર મારા વિશ્વાસે અહીં મૂકી ગયો છે, તેથી મિત્રનું નામ મારાથી કેમ અપાય ? બીજું હું મારા પ્રાણ બચાવવા મિત્રના પ્રાણને જોખમમાં કેમ મૂકું ?"

જુઓ ! અહીં સજ્જનની સજ્જનતા, સાચા મિત્રની મિત્રતા સંકટના સમયે કેવી હોય તે ચક્રદેવના જીવનમાંથી જોવા મળે છે. ચક્રદેવને ખબર છે કે જો હું અત્યારે સાચું નહિ કહું તો મારા ઉપર જ ચોરીનો આરોપ આવવાનો છે અને મને જ દેહાંતદંડની સજા રાજા કરવાનો છે. છતાં સાચું કહેતાં મિત્ર ઉપર પ્રાણની આપત્તિ આવે છે તેથી સાચી હકીકત છુપાવી ચક્રદેવ રાજપુરુષોને કહે છે કે આ તો વાસણ મારું જ છે. રાજ-પુરુષો કહે : "તો આ વાસણ ઉપર ચંદન સાર્થવાહનું નામ ક્યાંથી ?" ચક્રદેવ કહે : "તે હું જાણતો નથી. કદાચ વાસણોની અદલાબદલીમાં ચંદન સાર્થવાહના ઘરનું વાસણ મારા ઘરમાં આવી ગયું હશે ? રાજપુરુષોએ આગળ તપાસ કરતાં ચક્રદેવને પૂછ્યું કે તારા ઘરમાં આવાં બીજાં ચાંદી વગેરેનાં વાસણો

કેટલાં છે? ચક્રદેવ કહે, "મને ચોક્કસ યાદ નથી. તેથી તમે જાતે જ જોઈ લો." પછી ચોરીના માલનું પત્રક વાંચવામાં આવ્યું. તે પત્રકમાં લખ્યા મુજબ બધો જ ચોરીનો માલ ચક્રદેવના ઘરમાંથી મળી આવ્યો.

તેથી વિસ્મય અને આશ્ચર્ય સાથે રાજપુરુષોએ ચક્રદેવને પુનઃ પૂછ્યું કે ચક્રદેવ! આ રાજાનું શાસન ખૂબ જ કડક છે. માટે સાચી હકીકત જે હોય તે સ્પષ્ટ કહી દે. તું આવું અકાર્ય કરે તે અમારા માનવામાં આવતું નથી. તેથી તને વારંવાર પૂછીએ છીએ. ચક્રદેવે યજ્ઞદેવ મુસીબતમાં ન મુકાઈ જાય માટે કહ્યું કે મને ખબર નથી કે આ ચંદન સાર્થવાહના ઘરની ચોરાયેલી ચીજો મારા ઘરમાં ક્યાંથી આવી?

આથી રાજાના કોટવાળો (સિપાઈઓ) ચક્રદેવ ઉપર ખૂબ જ ગુસ્સે થઈ ગયા અને ચક્રદેવને પકડીને રાજા પાસે લઈ ગયા. કોટવાળોએ રાજાને અથથી ઇતિ સુધી બધી વાત કરી. હવે રાજા ચક્રદેવને કહે છે કે હે સાર્થવાહ પુત્ર! તું તો ધર્મનો જાણકાર છે, પાપભીરુ છે, આલોક અને પરલોકના હિતના માર્ગનો તું સારો જ્ઞાતા છે. તેથી તું આવું ચોરી જેવું નીચ કાર્ય કરે તે હું માની શકતો નથી. માટે તું જે પરમાર્થ (સત્ય) હોય તે કહે. પણ દયાળુ અને પરોપકારી ચક્રદેવે વિચાર કર્યો કે જો હું સાચી વાત રાજાને કહીશ તો મારો મિત્ર નાહક માર્યો

જશે, તેથી મિત્ર ઉપરના પ્રેમથી સ્વયં રાજા પૂછવા છતાં કાંઈ જ બોલતો નથી. ફક્ત રાજા આગળ ઊભો ઊભો આંખમાંથી આંસુ પાડે છે. મૌન રહેવાથી રાજાને ચક્રદેવ પર શંકા ગઈ. તેના ઉપર કાયદેસર કામ ચલાવવું જોઈએ. છતાં ચક્રદેવના પિતા ઉપર રાજાને ખૂબ જ માન હતું, તેથી તિરસ્કાર, અપમાન, ઠપકો કે તાડન-તર્જન કર્યા વિના જ તેને દેશનિકાલની રાજાએ સજા કરી. સિપાઈઓ ચક્રદેવને પકડીને નગરની બહાર જ્યાં નગરદેવતાનું વન આવેલું છે ત્યાં મૂકીને સિપાઈઓ નગરમાં પાછા આવ્યા.

આ બાજુ આખાયે નગરમાં ચોરે ને ચૌટે ચક્રદેવની વાત ચકડોળે ચઢેલી છે. અજ્ઞાન લોકો તો બાહ્ય દૃષ્ટિવાળા હોય છે. તેઓને પરમાર્થ (સત્ય) જોવાની જરાયે પરવા હોતી નથી. જોવું જોઈએ કે આ માણસનું અત્યાર સુધીનું જીવન કેવું ઉજ્જવળ અને પવિત્ર છે? તેની જીવનચર્યા કેવી શીલ-સદાચારમય છે? અજ્ઞાન લોકો તો તરત જ તેનો ઉજ્જવળ ભૂતકાળ ભૂલી જઈને કોઈ સંયોગવશ (કર્મવશ) કંઈક પણ ઘટના ઘટી તેના પર પ્રહાર બાંધીને તે વ્યક્તિ માટે ચર્ચા કરવા મંડી પડે છે. તેઓને સત્યની શોધ કરવાની જરાયે ફુરસદ નથી હોતી.

ચક્રદેવ તદ્દન નિર્દોષ છે, દોષિત તો પેલો તેનો મિત્ર યજ્ઞદેવ છે. છતાં અંતે सत्यमेव जयते। આખરે સત્યનો જય અને અસત્યનો ભંડો કેવો ફૂટે છે તે હવે આગળ જોવા મળશે.

ચક્રદેવે વિચાર કર્યો કે આ રીતે અપમાનિત થઈને જીવન જીવવું તેના કરતાં, જીવનનો અંત લાવી દેવો સારો, એમ વિચારીને આ નગરદેવતાના વનની નજીકમાં એક વડનું વૃક્ષ છે. તેની ડાળી સાથે કપડું ગળે બાંધીને મરી જાઉં એમ વિચારીને તેણે તે પ્રમાણે કર્યું. ત્યાં તેના પ્રબળ પુણ્યોદયથી વનદેવતાને નિર્દોષ ચક્રદેવ ઉપર કરુણા આવી અને અવધિજ્ઞાનથી જોયું કે આ ચક્રદેવ ઉત્તમ અને નિર્દોષ છે, તેથી મારે તેને બચાવી લેવો જોઈએ, એમ વિચારીને વનદેવતાએ રાજમહેલમાં જઈને રાજમાતાના શરીરમાં પ્રવેશ કરી જે સત્ય હકીકત હતી તે રાજાને કહી અને રાજાને કહ્યું કે તું હમણાં જ નગરની બહાર જ્યાં મારું વન છે ત્યાં જઈને ચક્રદેવનો ફાંસો તોડી નાંખીને તેનું બહુમાન કરીને તેને અહીં સ્વાગત સહિત લઈ આવ. જરાયે વિલંબ ન કર.

નગરદેવતાની વાત સાંભળીને રાજા યજ્ઞદેવ ઉપર લાલ-પીળો થઈ ગયો અને ચક્રદેવ ઉપર અત્યંત સ્નેહ ઉત્પન્ન થયો. આમ, મિશ્રરસનો અનુભવ કરતાં રાજાએ મંત્રીઓને આદેશ કર્યો કે તમે હમણાં ને હમણાં પેલા દુષ્ટ યજ્ઞદેવને પકડીને મારતા મારતા અહીં લઈ આવો. હું ચક્રદેવને લેવા નગરદેવતાના વનમાં જાઉં છું. રાજા હસ્તિરત્ન ઉપર બેસીને થોડા પરિવારને સાથે લઈને જલ્દી જલ્દી નગરની બહાર નીકળીને નગરદેવતાના ઉદ્યાનમાં પહોંચ્યો. ત્યાં જઈને જોયું તો ચક્રદેવે વડના ઝાડ પર લટકીને ફાંસો ખાધેલો છે. આ

દૃશ્ય જોઈને રાજાને ઘણો જ આઘાત લાગ્યો અને તુરત હાથી પર બેઠા બેઠા જ જ્યાં ચક્રદેવ છે ત્યાં આવીને ચક્રદેવને રાજાએ કહ્યું : "મા સાહસં મા સાહસં !" તું સાહસ ન કર, ન કર." રાજાએ હાથી પર બેઠા બેઠા જ વડના ઝાડ નીચે જઈને ચક્રદેવનો ફાંસો કાઢી નાંખીને તેને પ્રેમથી ઉપાડીને હાથીની પીઠ ઉપર લઈ લીધો અને તેને રાજાએ પ્રેમપૂર્વક કહ્યું કે હે સાર્થવાહપુત્ર ! તેં મને સત્ય હકીકત ન કહી તે તેં બરાબર કર્યું નથી. મેં તારા જેવા સજ્જન નિર્દોષની કદર્થના અને અપમાન કર્યું તે તું માફ કરજે. મેં તને સત્ય હકીકત જણાવવા કહ્યું હતું, પણ તું તો મૌન જ રહ્યો, તેથી મારે ના છૂટકે રાજધર્મ બજાવવો પડયો.

રાજાના મોઢેથી આ પ્રમાણે સાંભળીને ચક્રદેવે વિચાર કર્યો કે નક્કી કોઈએ મારા મિત્રની ગુપ્ત વાત જાહેર કરી દીધી લાગે છે.

અહીં ચક્રદેવની મહાનુભાવતાનાં દર્શન થાય છે. આવા મરણાંતર સંકટમાં નાંખનાર યજ્ઞદેવ પ્રત્યે પણ કેવી સુંદર વિચારધારા છે, તે અહીં જોવાનું છે. લઘુકર્મી આત્માને મહાઅપકારી પ્રત્યે પણ ઉપકારની જ ભાવના હોય છે. ચક્રદેવ તો જે કાંઈ બન્યું તેમાં પોતાના જ કર્મનો દોષ દેખે છે. યજ્ઞદેવ પ્રત્યે કે રાજા પ્રત્યે જરાય દ્વેષ કે દુર્ભાવ નથી. આવું ઉદાર હૈયું સજ્જન માણસનું હોય. આ દુનિયામાં બગાડનારનું બગાડનારા તો ઘણાયે છે,

પરંતુ બગાડનારનું પણ ભલું ચાહનારા કોઈ વિરલા જ હોય છે.

ચક્રદેવે રાજાને પૂછ્યું કે, હે મહારાજા! યજ્ઞદેવની વાત આપને કોણે કરી? રાજા કહે: "નગરદેવતાએ રાજમાતાના શરીરમાં પ્રવેશ કરીને મને યજ્ઞદેવની વાત કરી છે. તેથી મને ખબર પડી કે, તું નિર્દોષ છે અને યજ્ઞદેવ દોષિત (અપરાધી) છે." તેથી રાજા પુનઃ ચક્રદેવને કહે છે કે મેં અજ્ઞાન દશામાં તને દેશનિકાલની સજા કરી, તે મારો અપરાધ તારે માફ કરવો. ચક્રદેવ કહે: "હે દેવ! આપે તો આપનો રાજધર્મ જ બજાવ્યો, છે તેથી આમાં આપનો કંઈ દોષ નથી. દુષ્ટોને સજા કરવી અને શિષ્ટોનું પાલન કરવું એ આપનો રાજધર્મ જે છે, તે જ આપે બજાવ્યો છે."

આ બાજુ યજ્ઞદેવની વાત પ્રગટ થઈ ગઈ છે તેથી ચક્રદેવને ચિંતા થઈ કે હવે મારો મિત્ર મુસીબતમાં મુકાઈ જશે. હાય! હવે તેનું શું થશે?

ચક્રદેવે રાજાને કહ્યું કે આપ યજ્ઞદેવને સજા કરતાં પહેલાં તેની બરાબર તપાસ કરાવજો. કેમ કે તે મહાનુભાવ યજ્ઞદેવમાં આવું અનાચરણ સંભવતું નથી.

આવા દુષ્ટ માયાવી યજ્ઞદેવને પણ ચક્રદેવ મહાનુભાવ માને છે, તે તેની કેટલી બધી ઉત્તમતા સૂચવે છે.

રાજા ચક્રદેવને કહે કે યજ્ઞદેવના ગુનાની બરાબર તપાસ થઈ ગઈ છે. અવધિજ્ઞાની નગરદેવતાએ બધી વાતની

સ્પષ્ટતા કરી દીધી છે. તેથી હવે મારે તપાસ કરવાની જરૂર રહેતી નથી. આ બધો પ્રપંચ પાપી યજ્ઞદેવે કર્યો છે. તેણે મને પણ છેતરીને ભરમાવ્યો છે. આ દુષ્ટ યજ્ઞદેવને હું હવે છોડવાનો નથી.

આમ, વનદેવતાના ઉદ્યાનમાંથી રસ્તામાં રાજા અને ચક્રદેવ વાતો કરતા કરતા રાજમહેલમાં આવ્યા. એટલામાં રાજપુરુષો યજ્ઞદેવને મુશ્કેટાટ બાંધીને રાજસભામાં લઈ આવ્યા અને રાજાને કહ્યું કે આ યજ્ઞદેવને અમે લાવ્યા છીએ.

રાજા તો યજ્ઞદેવને જોતાં જ ધૂવાંપૂવાં થઈ ગયો અને તરત જ રાજપુરુષોને આજ્ઞા કરી કે આ દુષ્ટની જીભ કાપી નાંખો, તેની આંખો ફોડી નાંખો. આ પ્રમાણેની રાજાની આજ્ઞા થતાં જ યજ્ઞદેવ તો, ઊભો ઊભો થર થર ધ્રૂજવા લાગ્યો. મોઢું દીન બની ગયું. તેથી ચક્રદેવ રાજાના ચરણોમાં પડીને વિનંતિ કરી કે હે દેવ ! યજ્ઞદેવનો અપરાધ માફ કરી તેને મુક્ત કરો. રાજાએ ચક્રદેવને કહ્યું હે સાર્થવાહક પુત્ર ! યજ્ઞદેવની સજા માફ કરવી યુક્ત નથી. કેમ કે તેણે ભયંકર કોટીનો ગુનો કર્યો છે. ચોરી જાતે કરીને એક નિર્દોષ ઉપર ખોટો આરોપ મુકાવીને તેણે અત્યંત નીચ કામ કર્યું છે. માટે તે દુરાચારીને છોડી મૂકવાની વાત સિવાય બીજી વાત કર. ચક્રદેવ કહે : "મહારાજા ! બીજી વાતથી સર્યું. જો આપને મારા ઉપર બહુમાન (હેત) હોય તો યજ્ઞદેવને આપ છોડી મૂકો."

અહીં ચક્રદેવના હૈયાની વિશાળતા અને મહાનતાનાં દર્શન થાય છે. મરણાંત સંકટમાં નાંખનાર પ્રત્યે પણ તેની કેવી કરુણા છે તે જોવાનું છે. પોતાના અપરાધીનું પણ બૂરું થાય તેને પોષાતું નથી.

ધર્મી આત્માનું દુશ્મન પ્રત્યે પણ કેવું દિલ હોય તે ચક્રદેવના ચરિત્ર પરથી જોવા મળે છે. દિલમાં ધર્મ વસે એટલે દુઃખી અપરાધી પ્રત્યે તેના દિલમાં દયા જ હોય. એમ પણ ન વિચારાય કે જે જેવું કરે તેનું તેવું થાય. ભલે તે તેના ગુનાની સજા ભોગવે.

દુશ્મનના પણ દુઃખે જે દુઃખી થાય તે ધર્મી. અપરાધી પ્રત્યે કિન્નાખોરી, વૈરભાવ, દ્વેષભાવ, બદલો લેવાની ભાવના ધર્મી મનુષ્યના દિલમાં કદીયે ન હોય.

તે કોઈનું પણ અહિત થાય તેવું કરે તો નહિ, પણ તેવું જોઈ પણ શકે નહિ.

છેવટે ચક્રદેવની વાતનો રાજાને સ્વીકાર કરવો પડ્યો અને યજ્ઞદેવને છોડી મૂક્યો. પણ દુષ્ટ એવા યજ્ઞદેવના હૃદયનું પરિવર્તન ન થયું.

પછી રાજાએ ચક્રદેવનું ખૂબ સન્માન કરી તેને હસ્તિ-રત્ન પર બેસાડી વાજતેગાજતે સેના સાથે આખા નગરમાં ફેરવી તેને તેના ઘેર પહોંચાડ્યો. પહેલાં જે ચક્રદેવનો આખાયે નગરમાં અપયશ ફેલાયો હતો, તે રાજાએ કરેલા સન્માનથી

અને સાચી હકીકત લોકોએ જાણવાથી દૂર થયો. આખાયે નગરમાં ચક્રદેવની પ્રશંસા અને યજ્ઞદેવની નિંદા થવા લાગી.

પણ ચક્રદેવને તો આવું કર્મનું નાટક જોઈને ખૂબ જ વૈરાગ્ય થયો. એટલામાં પૃથ્વીતલને પાવન કરતા અગ્નિભૂતિ નામના ગણધર ભગવાન નગરમાં પધાર્યા. નગરના ઉદ્યાનમાં ઊતરેલા છે. ચક્રદેવ નગરની બહાર ગયેલો, તેણે ગણધર ભગવાનને ઉદ્યાનમાં જોયા. જોઈને તેઓ પ્રત્યે ચક્રદેવને ખૂબ જ બહુમાન ઉત્પન્ન થયું. મહાન ભાગ્યશાળીને જ સદ્‌ગુરુનો સમાગમ થાય અને તેથી પણ વધારે ભાગ્યશાળી તે કે જેને સદ્‌ગુરુ ઉપર સદ્‌ભાવ ઉત્પન્ન થાય. સદ્‌ભાવ વિનાનો સદ્‌ગુરુ–સમાગમ સફળ ન થાય.

ચક્રદેવે અગ્નિભૂતિ ગણધરના ચરણે ભાવભરી વંદના કરી. ગુરુદેવે તેને ધર્મલાભનો આશીર્વાદ આપ્યો. પછી ચક્રદેવ ગણધર ભગવાન પાસે વિનયપૂર્વક બેઠો. ચક્રદેવે ગણધર ભગવાનને વિનયપૂર્વક પૂછ્યું કે હે ભગવંત ! સર્વ દુઃખોનો નાશ કરવા સમર્થક કયો ધર્મ છે ? કેવો સુંદર પ્રશ્ન છે ? માત્ર આલોકનાં જ દુઃખોનો નહિ, પરંતુ ભવોભવનાં (જન્મ–મરણાદિનાં) દુઃખોનો નાશ કરવા કયો ધર્મ સમર્થ છે એમ ચક્રદેવ પૂછે છે.

ગણધર ભગવાને કહ્યું : "હે મહાનુભાવ ! ક્ષમાદિ દશ પ્રકારનો સાધુધર્મ જ સમસ્ત દુઃખોનો નાશ કરવા સમર્થ છે."

"હે પ્રભો ! તો મને તે સાધુધર્મનું સ્વરૂપ સમજાવવા કૃપા કરો."

ગણધર ભગવાન ચક્રદેવને વિસ્તારથી મધુર ભાષામાં સાધુધર્મનું સ્વરૂપ સમજાવી રહ્યા છે, ત્યાં ચક્રદેવને બહુમાનથી સાધુધર્મનું અદ્‌ભુત સુંદર સ્વરૂપનું શ્રવણ કરતાં કરતાં કર્મનાં બંધન તૂટતાં ગયાં અને પ્રવજ્યાનો પરિણામ (દીક્ષા લેવાનો ભાવ) ઉત્પન્ન થયો.

વિનય અને બહુમાનથી સદ્‌ગુરુ મુખથી ધર્મશ્રવણ કરવામાં આવે તો આવું ચક્રદેવ જેવું ચમત્કારિક પરિણામ આવે. આ બાબતમાં શ્રાવકોએ આજના કાળે ખૂબ જ વિચાર કરવા જેવો છે. વર્ષોથી વ્યાખ્યાન સાંભળનારા મોટાભાગના શ્રાવકોના આજે સમક્તિનાં પણ ઠેકાણાં નથી, તેનું આ એક કારણ લાગે છે કે શાસ્ત્રવિધિ મુજબ બહુમાનથી શ્રવણ થતું નથી તે.

ચક્રદેવને સાધુધર્મનું શ્રવણ કરતાં દીક્ષા લેવાની તીવ્ર ભાવના જાગતાં તેણે ગણધર ભગવાનને બે કર જોડી વિનમ્ર-ભાવે વિનંતિ કરી કે હે ભગવંત ! મને આપ જલ્દીથી આ ભીષણ ભવસાગરથી પાર ઉતરનારી પ્રવજ્યા આપવા કૃપા કરો. મારું મન આપની વાણી સાંભળી કામ ભોગોથી વિરક્ત બની ગયું છે, સમસ્ત સંસાર અસાર ભાસ્યો છે, તેથી મને સમસ્ત હિંસાદિ પાપોથી મુક્ત કરનારી અને મુક્તિના શાશ્વત સુખ આપનારી દીક્ષા આપવા અનુગ્રહ કરો.

વિશિષ્ટ જ્ઞાની ગણધર ભગવાને તેમના મનોભાવ જ્ઞાનથી જાણીને કહ્યું કે હે ભાગ્યવાન ! તેં જે નિર્ણય

કર્યો છે તે મહાપુરુષોને અનુરૂપ છે. આ દીક્ષાને તો તીર્થંકરો, ગણધરો અને ચક્રવર્તીઓએ પણ સ્વીકારેલી છે. આ દીક્ષા લીધા વિના ભવદુઃખ જાય તેમ નથી.

ચક્રદેવને ગણધર ભગવાન ત્યાં વિધિપૂર્વક દીક્ષા આપે છે. દીક્ષા લઈને ગુરુમહારાજાની આજ્ઞા મુજબ સંયમનું સુંદર પાલન કરીને અંતે અનશનપૂર્વક દેહનો ત્યાગ કરીને ચક્રદેવ મહામુનિ પાંચમા બ્રહ્મદેવલોકમાં નવ સાગરોપમના આયુષ્યવાળા દેવ તરીકે ઉત્પન્ન થયા. પેલો યજ્ઞદેવ જીવનમાં અનેક પાપો અને પ્રપંચો કરીને, આયુષ્ય પૂર્ણ કરીને ત્રીજી શર્કરા નામની નરકમાં ત્રણ સાગરોપમના આયુષ્યવાળો નારક થયો.

ચક્રદેવનો જીવ દેવલોકમાં દીર્ઘકાળ સુધી દિવ્ય સુખો ભોગવીને આયુષ્ય પૂર્ણ કરીને ગન્ધિલાવતી નામની વિજયમાં રત્નપુર નામના નગરમાં રત્નસાગર નામના સાર્થવાહની પત્ની શ્રીમતિના ગર્ભમાં પુત્ર રૂપે ઉત્પન્ન થયો. ભવિતવ્યતાના યોગે પેલો યજ્ઞદેવનો જીવ નરકમાં ભયંકર

દુઃખો–યાતનાઓ ભોગવી આયુષ્ય પૂર્ણ થતાં શિકારી કૂતરો થઈને ઘણી જીવહિંસાઓ કરીને મરીને પુનઃ નરકમાં ઉત્પન્ન થયો. ત્યાં ત્રણ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરીને અનેક પ્રકારના તિર્યંચના ભવોમાં ભટકીને આ રત્નપુર નગરમાં રત્નસાગર સાર્થવાહના ઘેર નર્મદા નામની દાસી છે તેની કુક્ષીમાં પુત્ર તરીકે ઉત્પન્ન થયો.

ઉચિત સમયે ચક્રદેવના જીવનું નામ પાડ્યું ચંદસાર અને યજ્ઞદેવના જીવનું નામ રાખ્યું અણુહક. બંને ક્રમશઃ યૌવનમાં આવ્યા. ચંદસારના માબાપે તેનું લગ્ન કર્યું. શેઠ અને નોકર તરીકે એક જ ઘરમાં બંને રહે છે. અણુહક પોતાના શેઠ ચંદસાર ઉપર દ્વેષભાવ રાખે છે. પૂર્વજન્મમાં પાડેલા સારા કે નરસા સંસ્કારો પછીના અનેક જન્મો સુધી તે જીવનો પીછો છોડતા નથી.

એક વાર આ નગરમાં માસકલ્પી વિહાર કરતાં ભગવાન વિજય વર્ધન નામના આચાર્ય મહારાજ પધાર્યા. તેઓની પાસે ધર્મ સાંભળી ચંદસારે શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો.

સમય જતાં એક વાર નગરનો રાજા દિગ્વિજય કરવા બહાર ગયેલો છે. તેથી લાગ જોઈને ભીલોની ટોળીએ નગરમાં સશસ્ત્ર ધાડ પાડી. તેથી નગરના લોકો ગભરાઈને નગર છોડીને ભાગી ગયા. નગર સ્મશાન જેવું બની ગયું. ભીલ લોકો નગર લૂંટીને ચાલ્યા ગયા, પછી નગરના લોકો પોતાના નગરમાં પાછા ફર્યા. ચંદસાર પણ ભીલોના ભયથી ભાગી ગયેલો. તેના ઘરમાં તેની પત્ની ચંદ્રકાંતા એકલી રહી ગયેલી. તેથી નિઃસહાય રૂપવાન જુવાન સ્ત્રીને જોઈને ભીલ લોકો ચંદસારની સ્ત્રીને પણ સાથે ઉપાડી ગયેલા.

ચંદસારને સ્ત્રીના અપહરણથી ઘણો જ આઘાત લાગ્યો. દેવશર્મા નામના મિત્ર બ્રાહ્મણે ચંદસારને કહ્યું કે તું ચિંતા ન કર. પહેલાં પણ આ ભીલ લોકો નગરમાંથી સ્ત્રીઓને

ઉઠાવી ગયેલા. પણ કોઈ પણ સ્ત્રીનું શીલ તેઓએ ખંડિત કર્યું નથી. પણ ધનના લોભે આ નીચ લોકો સ્ત્રીઓનાં અપહરણ કરે છે. લોભ જીવો પાસે ન કરવા જેવાં પાપો કરાવે છે. માટે તું તારી સ્ત્રીને ભીલોના પંજામાંથી છોડાવવા કીમતી ધન લઈને ભીલોની પલ્લીમાં જા. તેઓ માગે તેટલું ધન આપીને તું તારી સ્ત્રીને છોડાવી લાવ. બ્રાહ્મણ મિત્રની સલાહને માનીને ચંદસાર કીમતી ધન અને નોકર અણહકને સાથે લઈને ભીલોની પલ્લી તરફ પ્રયાણ કર્યું.

શેઠ–નોકર રસ્તામાં ચાલ્યા જાય છે. શેઠના હાથમાં કીમતી ઝવેરાતની પોટલી છે અને નોકરના હાથમાં રસ્તામાં ખાવા માટે લીધેલી ભાથાની પોટલી છે.

રસ્તામાં જંગલ આવ્યું. જંગલ સાવ નિર્જન છે. અંધારું પડવા આવ્યું છે, એવા અવસરે પેલા દુષ્ટ માયાવી નોકર અણહકના દિલમાં લોભે પ્રવેશ કર્યો. તેથી અણહકે વિચાર કર્યો કે અત્યારે આ શેઠને કોઈ કૂવામાં ફેંકી દઈ આ કીમતી ઝવેરાતની પોટલી લઈને હું પલાયન થઈ જાઉં! કેવા અવસરે કેવો ભયંકર વિશ્વાસઘાત કરવાનો વિચાર આ નોકર કરે છે તે જોવાનું છે. લોભ જ સઘળાંયે પાપોનું મૂળ છે. ભવિતવ્યતાના યોગે આ બાજી શેઠે જે કીમતી ઝવેરાતની પોટલી પોતાની પાસે હતી તે નોકરના હાથમાં પકડવા રસ્તામાં આપેલી અને ભાથાની પોટલી પોતે લીધેલી. જ્યાં કીમતી ઝવેરાતની પોટલી પોતાની પાસે આવી એટલે તુરત નોકરની બુદ્ધિ બગડી. તેથી જંગ-

ત્યાં રાતના સમયે નોકરે માયા કરીને શેઠને કહ્યું કે હે સ્વામી! મને અત્યારે ખૂબ જ તરસ લાગી છે. પાણી અત્યારે નહિ મળે તો મારા પ્રાણ ચાલ્યા જશે. માટે આપ મારા માટે ક્યાંકથી પાણી લાવી આપો. દયાળુ પરોપકારી શેઠ નોકર માટે પાણીની શોધ કરતા કરતા એક મોટા ઊંડા કૂવા પાસે આવ્યા. અંધારામાં પાછળ પેલો દુષ્ટ નોકર છુપાતો છુપાતો શેઠની પાછળ આવી રહેલો છે. જ્યાં શેઠ કૂવામાં પાણી છે કે નહિ તે જોવા માટે કૂવાના કાંઠા ઉપર ઊભા રહીને કૂવામાં નીચા નમીને નજર કરવા જાય છે ત્યાં નોકરે એકદમ શેઠ તરફ ધસી જઈને શેઠને જોરદાર ધક્કો મારી કૂવામાં ફેંકી દીધા. પછી નોકર તો નીચ કાર્ય કરીને ઝવેરાતની પોટલી લઈને ત્યાંથી ભાગ્યો.

કહેવત છે કે 'જે થાય તે સારા માટે' નોકરે શેઠને કૂવામાં નાંખ્યા, પણ કૂવાના પાણીના પ્રભાવે તે ડૂબ્યા નહિ અને તરીને કૂવામાં આસપાસ પાકી પાળી બાંધેલી હતી તેના પર જઈને બેસી ગયા. કૂવામાં પડતાં શેઠના મોઢામાંથી સહજ ભાવે 'નમો અરિહંતાણ' જોરથી બોલી જવાયું.

હવે અહીં ઘટના એવી બનેલી છે કે આ ચંદસારની પત્ની કે જેણીને ભીલો ઉપાડી લાવ્યા છે, તેણે રસ્તામાં વિચાર કર્યો કે આ જંગલી ભીલો મારું શીલ ખંડિત કરી નાંખશે. માટે શીલભંગ કરીને જીવવું તેના કરતાં

આત્મહત્યા કરીને મરી જવું સારું. આમ, વિચાર કરીને ચંદ્રકાંતા એ ભીલો જ્યારે ભોજન વગેરે કરવાની ભાંજગડમાં પડ્યાં ત્યારે લાગ જોઈને ચંદ્રકાંતા ત્યાંથી ભાગીને આ કૂવામાં પડેલી છે.

**ઉત્તમ સ્ત્રીઓને પોતાના પ્રાણ કરતાં શીલ વધુ વહાલું હોય છે. શીલ ખાતર આત્મહત્યા કરતાં એક વાર મૃત્યુની પીડા, જ્યારે શીલભંગ કરવાથી અનેક જન્મો સુધી અનેક વાર મૃત્યુની પીડા ભોગવવી પડે છે.**

ચંદ્રકાન્તા શીલ બચાવવા કૂવામાં પડી, પણ પાણીના પ્રભાવે મરી નહિ અને તરીને કૂવાની પાળી પર આવીને બેઠી–બેઠી નવકારમંત્રનો જાપ જપે છે. સંકટનો સાથી નવકાર. જેવો ચંદસાર 'નમો અરિહંતાણ' જોરથી બોલતો કૂવામાં ધબાક થઈને પડ્યો એટલે તેના અવાજથી ચંદસારની પત્ની ગભરાઈને ધ્રૂજવા લાગી અને તે પણ મોટે અવાજે 'નમો અરિહંતાણ' બોલી, તેથી ચંદસારે પોતાની સ્ત્રીના અવાજને પારખી લીધો અને તેની પત્નીએ પણ પોતાના પતિના અવાજને ઓળખી લીધો. અચાનક પોતાના પતિને કૂવામાં પડેલા જાણીને આશ્ચર્યથી પૂછ્યું કે હે સ્વામીનાથ! આપ આ કૂવામાં ક્યાંથી આવી પડ્યા? તેથી ચંદસારે અથ-ઇતિ સુધી બધી વાત કરી. તે સાંભળી ચંદ્રકાન્તાને નોકર ઉપર નફરત થઈ અને કહ્યું કે નોકરે આપનો ભયંકર વિશ્વાસઘાત કરી આપને આ કૂવામાં નાંખવાનું અધમ કામ કર્યું છે. શેઠ કહે છે કે હે પ્રિયે! તે નોકરે તો સારું

કર્યું જેથી તારો અહીં મેળાપ થયો. નહિતર તારો મને પત્તો જ ક્યાં લાગત? માટે જે થયું તે સારા માટે એમ સમજ. બીજું, તારા અને મારા સદ્‌ભાગ્યે ભાતાની પોટલી મારી પાસે રહી ગઈ, તો ખાઈને જીવવા થોડા દિવસ અહીં કામ લાગશે. આમ, પરસ્પર સુખ–દુઃખની વાતો કરતાં અને અલ્પ નિદ્રા કરતાં રાત્રી પસાર કરી. સૂર્યોદય થયો એટલે ચંદસારે પોતાની સ્ત્રીને કહ્યું કે હે પ્રિયે! તું ઘણા દિવસની ભૂખી છે, તેથી આ ભાતાની પોટલીમાં થોડું વધેલું ભાતું છે તે તું ખા. ચંદ્રકાન્તા કહે છે: "સ્વામીનાથ! આપના ખાધા સિવાય મારાથી કેમ ખવાય?" આવી વિકટ પરિસ્થિતિમાં પણ ચંદ્રકાન્તા પતિવ્રત છોડતી નથી. પછી સ્ત્રીનો ખૂબ જ આગ્રહ થવાથી ચંદસારે ભાતામાંથી થોડુંક ખાધું એટલે તેની સ્ત્રીએ પણ ખાધું.

હવે બંને દંપતી કૂવામાં રહ્યાં રહ્યાં વિચાર કર્યો કે આ પાતાળકૂવામાંથી આપણો ઉદ્ધાર કેવી રીતે થશે? થોડાક દિવસો બાદ સાથેનું ભાતું પણ ખૂટી ગયું. તેથી બંને દંપતીએ જીવવાની આશા પણ છોડી દીધી. ચંદસારને ચિંતા થઈ કે આવો ઉત્તમ દેવદુર્લભ માનવ અને જૈન ધર્મ પામીને શું હું દીક્ષા લીધા વગર જ મરીશ? બોલો, કેવી પરિસ્થિતિમાં ચંદસાર શ્રાવકને કેવી ચારિત્રની ચિંતા થાય છે તે અહીં જોવા મળે છે.

સાચા શ્રાવકને 'ચારિત્ર મને ક્યારે મળશે'–આ ચિંતા અહર્નિશ હૈયામાં બેઠેલી હોય. ચારિત્ર લેવાની સાચી ભાવ-

નાના પ્રભાવે ચંદ્રકાન્તાની ડાબી આંખ ફરકી અને ચંદસારની જમણી આંખ ફરકી. દંપતીએ પરસ્પર પોતપોતાની આંખ ફરકવાની વાત કરી. ચંદસારે પોતાની પત્નીને કહ્યું કે હે પ્રિયે! હવે આ આંખ સ્ફુરણથી આપણને આ કષ્ટ લાંબો સમય નહિ રહે, તેથી તારે હવે જરાયે સંતાપ કરવો નહિ.

એટલામાં શબર નામની રાજધાનીથી રત્નપુર નગરનો નિવાસી નંદિવર્ધન નામનો સાર્થવાહ મોટા કાફલા સાથે આ જંગલમાં આવ્યો. પાણી માટે સાર્થવાહના માણસો લાંબા લાંબા દોરડા લઈને જે કૂવામાં પેલા બે દંપતી હતા તે કૂવા ઉપર આવ્યા. કૂવામાં પાણી જોવા નજર કરી તો કૂવામાં બેઠેલા સ્ત્રી–પુરુષને જોયાં. તેથી માણસોએ જલ્દી જઈને પોતાના માલિક સાર્થવાહને આ વાત જણાવી. સાર્થવાહ પરોપકારી હતો તેથી પોતાના માણસોને કહ્યું કે તમે જરાયે વિલંબ કર્યા વિના દોરડાથી બાંધેલી માંચી (નાનો ખાટલો) કૂવામાં ઉતારીને તે બંનેને બહાર કાઢીને મારી પાસે લાવો. માણસો મંચિકાના પ્રયોગથી ચંદસાર અને તેની સ્ત્રીને કૂવામાંથી બહાર કાઢી નંદિવર્ધન સાર્થવાહ પાસે લાવ્યા. આ સાર્થવાહે તુરત જ આ દંપતીને ઓળખી લીધાં અને આશ્ચર્ય સાથે પૂછયું કે તમે બંને આ કૂવામાં કયાંથી? અને કેટલા દિવસોથી અહીં છો? ચંદસારે આ પોતાના નગરના નિવાસી નંદિવર્ધનને પોતાની બધી હકીકત જણાવી. પછી દંપતીને ઘણા દિવસોના ઉપવાસનું પારણું કરાવી પોતાના સાર્થની સાથે લીધા. પોતાના નગર તરફ

આવી રહ્યા છે ત્યાં રસ્તામાં પેલા પાપી નોકર અણુહકનું હાડપિંજર પડેલું જોયું અને તેની પાસે કીમતી ઝવેરાતની પોટલી અકબંધ પડેલી જોઈ. ચંદસારે પોતાની ઝવેરાતની પોટલી લઈ લીધી અને અનુમાન કર્યું કે આ મારા નોકરને કોઈ સિંહ કે વાઘે આવીને ફાડી ખાધો લાગે છે.

અતિ ઉગ્ર પાપ કે પુણ્ય તુરત તેનું ફળ આપે છે. નોકરે જે ઝવેરાતની પોટલી માટે પોતાના ઉપકારી શેઠને માયા-કપટ કરી કૂવામાં ફેંકી દીધા, તે ઝવેરાત તો ત્યાંનું ત્યાં રહી ગયું અને સિંહથી મરીને નરકની હવા ખાવા નોકર ઊપડી ગયો. પણ આ બનાવથી ચંદસારનો વૈરાગ્ય ખૂબ જ વધી ગયો.

ચંદસાર પોતાના નગરમાં હેમખેમ આવી ગયો. દીક્ષા લેવાની તીવ્ર ભાવના કૂવામાં ભાવી હતી, તેથી હવે તે ભાવનાને જલ્દી સાકાર બનાવવા વિજયવર્ધન આચાર્ય ભગવંત પાસે દીક્ષા લીધી. લઈને ઉલ્લાસથી પાળીને અંતે વિધિપૂર્વક દેહનો ત્યાગ કરીને મહાશુક્ર નામના સાતમા દેવલોકમાં સોળ સાગરોપમના આયુષ્યવાળો દેવ થયો.

પેલો નોકર અણુહક જંગલમાં સિંહે ફાડી ખાધા પછી જ મરીને ત્રીજી નરકમાં સાત સાગરોપમના આયુષ્ય-વાળો નારક થયો.

ચંદસાર દેવલોકનાં સુખો ભોગવી આયુષ્ય પૂર્ણ કરીને આ જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં રથવીરપુર નામના નગરમાં

નંદીવર્ધન નામના બહુ જ શ્રીમંત શેઠના ત્યાં સુરસુંદરી નામની તેની પત્નીની કુક્ષીમાં પુત્ર તરીકે ઉત્પન્ન થયો. પેલા અણુહકનો જીવ નરકનાં ભયંકર દુઃખો ભોગવીને આયુષ્ય પૂર્ણ થતાં વિન્ધ્યગિરિ નામના પર્વત ઉપર સિંહ તરીકે ઉત્પન્ન થયો. સિંહના ભવમાં ખૂબ જ હિંસાઓ કરીને પુનઃ ત્રીજી નરકમાં ગયો. ત્યાંથી નરકનું આયુષ્ય પૂરું કરીને અનેક પ્રકારના તિર્યંચના ભવોમાં ભટકી આ જ રથવીરપુર નગરમાં સોમ સાર્થવાહની સ્ત્રી નંદીમતિ છે તેના ગર્ભમાં ઉત્પન્ન થયો.

કાળક્રમે ચંદસારનો અને પેલા અણુહકનો જન્મ થયો. ચંદસારનું નામ તેના માતાપિતાએ અનંગદેવ પાડ્યું અને અણુહકના જીવનું નામ ધનદેવ તેના માબાપે રાખ્યું. ક્રમશઃ બંને મોટા થયા. બંને વચ્ચે દોસ્તી થઈ. પણ અનંગદેવની મિત્રતા દૂધ-પાણી જેવી છે, જ્યારે ધનદેવની દોસ્તી દૂધ-તેજાબ જેવી છે.

અનંગદેવ કુમાર વયમાં આવતાં જ દેવસેન નામના ગુરુમહારાજ પાસે સર્વજ્ઞ ધર્મનો સ્વીકાર કરી લીધો. ક્રમશઃ યૌવન વયમાં આવ્યો. અનંગદેવે વિચાર કર્યો કે બાપકમાઈ ખાવી તેના કરતાં આપકમાઈ ખાવી તેમાં શોભા છે, એમ વિચાર કરીને પોતાના મિત્ર ધનદેવને સાથે લઈને કમાવા માટે રત્નદ્વીપમાં ગયો. ભાગ્ય જોર કરતું હતું તેથી ત્યાં ઘણા રત્નો કમાઈને પોતાના દેશમાં આવવા નીકળ્યા.

રસ્તામાં બંને મિત્રો વાતો કરતા ચાલી રહ્યા છે, ત્યાં ધનદેવના મનમાં લોભે પ્રવેશ કર્યો અને વિચાર કર્યો કે જો આ અનંગદેવને મોતને ઘાટ ઉતારી દઉં તો આ બધા જ રત્નોનો હું એકલો જ માલિક બની જાઉં. આમ, વિચાર કરીને ધનદેવે અનંગદેવને ભોજનમાં ઝેર આપી દેવાનો વિચાર ગોઠવ્યો.

રસ્તામાં સ્વસ્તિમતિ નામનું ગામ આવ્યું. બંનેને કકડીને ભૂખ લાગેલી છે, તેથી અનંગદેવે ધનદેવને કહ્યું કે હે દોસ્ત ! તું આ ગામમાં જઈને કોઈ કંદોઈની દુકાનેથી ભોજન બનાવરાવીને લઈ આવ. જેથી આપણે ભોજન કરીને પછી આગળ પ્રયાણ કરીએ.

ધનદેવ આજે હરખાતો - હરખાતો ગામમાં જઈને લાડવાનું ભોજન બનાવરાવ્યું. તેમાં ગુપ્ત રીતે ધનદેવે એક લાડવામાં ઝેર ભેળવી દીધું.

લાડવાનું ભોજન લઈને ધનદેવ અનંગદેવની પાસે આવતો હતો ત્યાં ધનદેવની મતિનો ભ્રંશ થયો. તેથી તેને ખ્યાલ ન રહ્યો કે કયો લાડવો ઝેરવાળો છે. તેથી અનંગદેવની પાસે આવીને ઝેર વગરનો લાડવો હતો તે અનંગદેવને ખાવા આપ્યો અને ઝેરવાળો લાડવો પોતે ખાધો.

'ખાડો ખોદે તે પડે' તે આનું નામ. અનંગદેવનું પુણ્ય પ્રબળ છે તેથી તેનો વાંકો વાળ કરવા ધનદેવ સફળ ન થયો. ધનદેવનો પાપનો ઘડો ભરાઈ ગયેલો હતો તેથી

ઝેરનો લાડવો ખાતાં જ ધરણી પર ઢળી પડ્યો. થોડીક વારમાં તો આખું શરીર લીલુંછમ થઈ ગયું, નસો ખેંચાવા લાગી, જીભ બંધ થઈ ગઈ અને શરીરમાં કાળી વેદનાથી ધનદેવ તરફડિયાં મારીને યમના ઘેર પહોંચી ગયો.

આવી અચાનક દુર્ઘટના બનેલી જોઈને અનંગદેવ તો આભો જ બની ગયો. વિચાર કરે છે કે આ અચાનક મારા મિત્રને શું થયું કે તુરત મરી ગયો ! મિત્રના મૃત્યુથી અનંગદેવને ખૂબ જ આઘાત લાગ્યો.

પછી અગ્નિસંસ્કાર કરીને, પોતાના નગરમાં આવીને ધનદેવના માબાપને તેના મૃત્યુની વાત કરી. કમાણીમાંથી અર્ધા ઉપરનો ભાગ ધનદેવના માબાપને અનંગદેવે આપ્યો. આનું નામ પ્રામાણિકતા કહેવાય. પચાવવું હોત તો બધું ધન અનંગદેવ પચાવી શકતો હતો, પણ આ તો ધર્માત્મા છે. હરામની તેને એક રાતી પાઈ પણ ખપતી નથી.

પછી મિત્રના અચાનક કુમૃત્યુથી વૈરાગ્ય પામી પોતે કમાયેલું બધું જ ધન ધર્મના માર્ગે ખર્ચીને બાલબ્રહ્મચારી-પણે જ દેવસેન નામના આચાર્ય પાસે પ્રવજ્યા લઈને, વિધિપૂર્વક પ્રવજ્યાનું પવિત્ર પાલન કરીને અંતે અનશન-પૂર્વક શરીરનો ત્યાગ કરીને દશમાં દેવલોકમાં ઓગણીસ સાગરોપમવાળો મોટો દેવ બન્યો અને ધનદેવ ઝેરથી મરીને ચોથી નરકમાં ગયો.

પાપી માટે નરક અને પુણ્યશાળી માટે સ્વર્ગ તૈયાર છે.

હવે અનંગદેવનો આત્મા દશમા દેવલોકમાં દીર્ઘકાલીન દિવ્ય સુખો ભોગવી, આયુષ્ય પૂર્ણ કરીને આ જંબુદ્વીપના ઐરવત ક્ષેત્રમાં હસ્તિનાપુર નગરમાં હરિનંદિ નામના શ્રીમંત શેઠના ત્યાં, લક્ષ્મીમતિ નામની સ્ત્રીની કુક્ષીમાં પુત્ર તરીકે ઉત્પન્ન થયો. નવ મહિના બાદ તેનો જન્મ થયો અને ઉચિત સમયે તેના માબાપે તેનું નામ પાડ્યું વીરદેવ.

પેલો ધનદેવ જે નરકમાં ગયેલો તે નરકની અસહ્ય યાતનાઓ ભોગવી, આયુષ્ય પૂર્ણ કરીને સર્પ થયો. સર્પના અવતારમાં અનેક પ્રાણીઓ હિંસા કરી દાવાનળમાં સળગી મરીને ચોથી નરકમાં કંઈક ન્યૂન દશસાગરોપમના આયુષ્યવાળો નારક થયો. પછી નરકનાં ભયંકર કષ્ટોને ભોગવી આયુષ્ય પૂર્ણ કરી અનેક વાર તિર્યંચના ભવોમાં ભટકીને, આ હસ્તિનાપુર નગરમાં ઇન્દ્ર નામના વૃદ્ધ શેઠની નંદીમતિ નામની સ્ત્રીની કુક્ષીમાં પુત્ર રૂપે ઉત્પન્ન થયો. ઉચિત સમયે તેનો જન્મ થયો અને તેનું નામ દ્રોણક પાડવામાં આવ્યું. ક્રમશઃ પેલો વીરદેવ અને આ દ્રોણક સાત-આઠ વર્ષના થયા એટલે તેઓના માબાપે ઉપાધ્યાય પાસે ભણવા મૂક્યા. સાથે ભણતાં-ભણતાં બંને વચ્ચે મિત્રતા થઈ, પણ પૂર્વવત્ ભણીગણી કલાઓમાં નિપુણ બન્યા બાદ વીરદેવે માનભંગ નામના આચાર્ય ભગવંત પાસે કેવલીપ્રણિત ધર્મ સ્વીકાર્યો.

દ્રોણુક દરિદ્રી છે, તેથી વીરદેવ તેને વેપાર કરવા ઘણું ધન આપ્યું. દ્રોણુક ઘણું ધન કમાયો, ધનવાન બન્યો. પણ પૂર્વજન્મોમાં નાંખેલા ઈર્ષ્યા, દ્વેષ, માયા અને હિંસાના કુસંસ્કારોના કારણે આ મહોપકારી ધર્માત્મા વીરદેવ પ્રતિ તેનો દ્વેષભાવ ખૂબ જ વધી ગયો. દ્રોણુકે વિચાર કર્યો કે હું ખૂબ જ ધન તેની મૂડીથી કમાયો છું, તેથી વીરદેવ પોતાનો ભાગ માંગશે અને મારે ના છૂટકે આપવો પડશે. માટે કમાણીમાંથી અર્ધો ભાગ આપવો પડે તે પહેલાં તેને પરલોકમાં પહોંચાડી દઉં ! આવો ભયંકર વિચાર કરી દ્રોણુકે એક સાત માળનો મહેલ બંધાવવાનું શરૂ કર્યું. મહેલ તૈયાર પણ થઈ ગયો. મહેલના સાતમા માળને ખીલા વગેરે માર્યા વિના એમને એમ જાણીને રાખ્યો. હવે દ્રોણુકે વિચાર કર્યો કે વીરદેવને મારો મહેલ જોવાના બહાને તેને સાતમા માળે ચઢાઉં, જેથી તેના પર ચઢતાં જ પડીને મરી જાય.

પોતે ઘડેલી યોજના મુજબ વીરદેવના ઘરે જઈને પોતાનો નૂતન મહેલ જોવા આવવા સહર્ષ આમંત્રણ આપ્યું. વીરદેવે ભોળાભાવે તેનું આમંત્રણ સ્વીકાર્યું. કેમ કે સરળ સહુને સરળ જુએ છે; કપટી સહુને કપટી તરીકે જુએ છે.

દ્રોણુકે વિચાર્યું કે આ રીતે વીરદેવ સાતમા માળથી પડીને મરી જશે તો લોકોમાં મારો અપયશ નહિ થાય.

પછી બંને મિત્રો જમી કરીને સપરિવાર નૂતન

મહેલ પાસે આવ્યા. દ્રોણુકની મતિ નાશ પામી. કહેવત છે કે 'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ !' અહીં પણ એમ જ થયું. મિત્ર વીરદેવને પહેલા મહેલ ઉપર ચઢાવવાને બદલે પહેલા પોતે જ મહેલ પર જેવો ચઢવા જાય છે ત્યાં ધબાક કરતો નીચે પડ્યો અને ખોપરી ફાટી ગઈ અને મનમાં મિત્રને મારવાનો વિચાર હતો તેથી રૌદ્ર ધ્યાનથી મરીને પાંચમી ધૂમપ્રભા નામની નરકમાં બાર સાગરોપમના આયુષ્યવાળો નારક થયો. જે બીજાનું ભૂંડું કરવા જાય છે તેનું જ ભૂંડું થાય છે. પોતે રચેલી માયાજાળમાં પોતે જ ફસાયો માટે મનુષ્યે કોઈને પણ ફસાવવાનો વિચાર સુધ્ધાં ન કરવો જોઈએ.

અચાનક અકસ્માતથી મિત્રના મૃત્યુથી વીરદેવે આયુષ્યની અસ્થિરતા જાણી માનભંગ નામના આચાર્ય ભગવાન પાસે સંયમનો સ્વીકાર કરી, સંયમનું નિર્મળ પાલન કરી અંતે અનશનપૂર્વક દેહનો ત્યાગ કરી ત્રીજી ગ્રૈવેયક નામના દેવલોકમાં અહમિન્દ્ર બન્યો. ત્યાં તેનું પચ્ચીસ સાગરોપમમાં કંઈક ન્યૂન આયુષ્ય છે. અહીં રુદ્રદેવ અને સોમાના ભવથી જોઈએ છીએ કે રુદ્રદેવ ભવે-ભવે પાપો અને પ્રપંચો કરી કરીને અધોગતિમાં જાય છે જ્યારે સોમા ભવે ભવે ધર્મ કરીને ઊર્ધ્વગતિમાં જાય છે.

વીરદેવ દેવલોકનું અતિ દીર્ઘ આયુષ્ય પૂર્ણ કરીને આ જંબુદ્વીપમાં ચંપાવર્ષ નામના નગરમાં માણિભદ્ર શેઠના

ત્યાં ધારિણી નામની શેઠાણીની કુક્ષીમાં પુત્ર તરીકે ઉત્પન્ન થયો. નવ માસ પૂર્ણ થયે ધારિણીએ સર્વાંગ સુંદર પુત્ર-રત્નને જન્મ આપ્યો. ઉચિત સમયે માબાપે તેનું માન રાખ્યું પૂર્ણભદ્ર ! પરંતુ જ્યારે આ બાળક બોલતો થયો ત્યારે પ્રથમ અમર શબ્દ બોલ્યો તેથી તેનું બીજું નામ અમરગુપ્ત લોકમાં પ્રસિદ્ધ થયું. શ્રાવકના ઘરમાં ઉત્પન્ન થયેલો તેથી બચપણથી જ તેણે શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો.

આ બાજુ પેલો દ્રોણુકનો જીવ ચોથી નરકમાં ગયેલો તે નરકનાં રૌરવ દુઃખો ભોગવી આયુષ્ય પૂર્ણ થતાં મરીને સ્વયંભૂરમણ નામના મહાસમુદ્રમાં મોટા માછલા તરીકે ઉત્પન્ન થયો. ત્યાં અનેક નાનાં નાનાં માછલાંઓની હિંસા કરીને મરીને ફરીથી ચોથી નરકમાં ગયો. ત્યાં બાર સાગરોપમનું નરકનું આયુષ્ય પૂર્ણ કરીને વિવિધ પ્રકારના તિર્યંચના ભવોમાં ભટકી–ભટકીને આ જ નગરમાં નંદાવર્ત શેઠના ત્યાં શ્રીનંદા નામની સ્ત્રીની કુક્ષીમાં પુત્રી તરીકે આવ્યો. કાળક્રમે તેણીનો જન્મ થયો અને ઉચિત સમયે તેના માતાપિતાએ તેનું નામ પાડ્યું નંદયંતી. ક્રમશઃ નંદયંતી યૌવન વયમાં આવી એટલે તેણીને પેલા અમરગુપ્ત સાથે પરણાવી. અમરગુપ્તને તો પોતાની પત્ની ઉપર સાચો પ્રેમ છે પણ નંદયંતીને તેના પતિ પર અંતરનો પ્રેમ નથી. આ રીતે આ દંપતીનો સંસાર ચાલ્યો જાય છે. નંદયંતી દરેક વાતમાં–માયાકપટ રમ્યા કરે છે.

એક વાર નંદયંતી કપટથી ખોટું બોલી પોતાના પતિને કહ્યું કે મારા બે કુંડલ કોઈ ચોરી ગયું છે. પોતે જાતે જ તે કુંડલોને છુપાવ્યા હતા. તેથી ખોટો ડોળ કરી શોક કરવા લાગી. તેથી સરળ સ્વભાવી અમરગુપ્તે કહ્યું–"હે સુંદરિ! એક સામાન્ય કુંડલ ચોરાયા તેમાં એટલો બધો સંતાપ કરવાની શી જરૂર છે? હું તને બીજાં કુંડલ બનાવરાવીને આપીશ." આમ કહીને અમરગુપ્તે બીજાં કુંડલ બનાવરાવી તેણીને આપ્યાં.

હવે એક વાર આ અમરગુપ્ત સ્નાન કરવા બેઠો. તે વખતે પોતાના નામવાળી હીરાજડિત વીંટી પોતાની પત્નીને મૂકવા આપી. તેણીએ પોતાની દાગીનાની પેટીમાં તે વીંટીને મૂકી.

સ્નાન કરી, ભોજન કરી, પાન વગેરે ખાઇને પોતાની વીંટી જાતે જ નંદયંતીની દાગીનાની પેટી ખોલીને લેવા ગયો તે વખતે પેલા ચોરાઇ ગયેલાં બે કુંડલો આ પેટીમાં જોઇ લીધાં. અમરગુપ્તને મનમાં શંકા પડી કે આ નંદયંતી તો કહેતી હતી કે મારાં કુંડલ ચોરાયાં છે અને તે કુંડલો તો તેની જ પેટીમાં પડેલાં છે.

એટલામાં શંકા પડતાં નંદયંતી ત્યાં દોડતી આવી અને અમરગુપ્તની આંગળી ઉપર વીંટી (મુદ્રારત્ન) પહેરેલી જોઇ તે શરમાઇ ગઇ. તેનું મોઢું પડી ગયું. મારું પોલ પતિએ જાણી લીધું છે તેથી હવે બહાર જઇને લોકોને કહેશે કે મારી પત્ની ચોર છે તેથી લોકોમાં મારી ફજેતી થશે.

સગાસંબંધીઓમાં પણ મારી અપકીર્તિ થશે, તેથી મારા પતિ બપોરે ભોજન કરવા આવે તે વખતે હું તેમને ભોજનમાં ઝેર આપી મારી નાખું, જેથી મારું પોલ પ્રગટ ન થાય.

નંદયંતીએ તીક્ષ્ણ ઝેર ઘોળીને તૈયાર કરીને ઘરના એકાંત સ્થાનમાં સંતાડવા ગઈ ત્યાં અંધારું હતું અને અવાવળી જગ્યા હતી. તેથી ત્યાં કોઈ સાપ રહેલો હતો. તે નંદયંતીને જોરથી ડસ્યો. તેથી તુરત જ તે જમીન પર ઢળી પડી અને પતિને ઝેર આપવાની ભાવના તેની મનમાં ને મનમાં રહી ગઈ.

માણસ ધારે છે કાંઈ અને કર્મ અને ભવિતવ્યતાના યોગે થાય કાંઈ. સામી વ્યક્તિનું પુણ્ય પ્રબળ હોય તો તેનું કોઈ કાંઈ બગાડી શકતો નથી. પણ જે બીજાનું બગાડવા વિચારે છે તેનું તો બગડે જ છે. ઠેઠ આ નંદયંતી રુદ્રદેવના ભવથી આ અમરગુપ્તના આત્માને મારતી આવી છે, તેથી સહેજ વાતમાં પતિને તેણીને મારવાનું જ સૂઝયું. મારવાના સંસ્કાર જનમ-જનમ મારવાનું જ જીવ પાસે કરાવે, દ્વેષના અને માયા કરવાના સંસ્કાર જનમ-જનમ દ્વેષ કરવાનું અને માયા કરવાનું જ કરાવે. માટે આત્મામાં કોઈ ખરાબ સંસ્કાર ન પડી જાય તેની મનુષ્યે ખૂબ જ સાવધાની રાખવાની જરૂરી છે.

નંદયંતી સર્પના કાતિલ ઝેરથી જમીન પર બેભાન થઈ પડી છે. પાડોશીએ બજારમાં તુરત જઈને અમરગુપ્તને સમાચાર આપ્યા કે તમારી સ્ત્રીને સાપ કરડયો છે. સમા-

ચાર મળતાં અમરગુપ્ત ઘેર આવ્યો. નંદયંતીને જોઈને તેને ઘણો જ આઘાત થયો, અને તુરત જ સર્પનું ઝેર ઉતારનારા ગારુડીકોને (માંત્રિકોને) તુરત બોલાવ્યા. તુરત ગારુડીકોએ નંદયંતીને નખથી શીખા સુધી તપાસી ને ખિન્ન (નિરાશ) થઈને તેના પતિ અમરગુપ્તને કહ્યું કે આ સ્ત્રીના પ્રાણ પરલોકમાં પ્રયાણ કરી ગયા છે, તેથી હવે અમારી મંત્રશક્તિ કામ લાગે તેમ નથી.

નંદયંતીએ પતિને ઝેર આપીને મારી નાંખવાનો વિચાર કર્યો, તે અતિ ઉગ્ર પાપના ઉદયે પોતે જ સાપના ઝેરથી મરી.

નંદયંતીના મૃત્યુથી અમરગુપ્તને ઘણું જ દુઃખ થયું. પછી તેની મરણોત્તર ક્રિયા કરી. પણ આ અચાનક બનેલી દુઃખદ ઘટનાથી અમરગુપ્તનું મન સંસારથી વિરક્ત બની ગયું. સઘળાયે સંયોગો અનિત્ય અને અસાર જાણી ચઢતા વૈરાગ્યથી અનેક નગરજનો સાથે દીક્ષા લઈને તેનું અતિ-વિશુદ્ધ પાલન કરી, આઠે કર્મોને ખપાવી અમરગુપ્ત આચાર્ય મોક્ષમાં જઈ શાશ્વત અનંત અવ્યાબાધ સુખના ભોક્તા બન્યા. નંદયંતી સાપના ઝેરથી મરીને છઠ્ઠી તમઃપ્રભા નામની નરકમાં ઉત્પન્ન થઈ. પછી અનંતકાળ સુધી આ સંસારની ચાર ગતિ અને ચોરાસી લાખ યોનિઓમાં ભટકીને છેવટે તે પણ મોક્ષમાં જશે.

આ વાર્તા વાંચીને અધર્મનો માર્ગ છોડી સૌ ધર્મના માર્ગે ચાલે એ જ મંગલ કામના.

## પૂ. વિદ્વાન લેખક તથા પ્રવચનકાર મુનિરાજશ્રી
## ધર્મગુપ્ત વિજયજી મહારાજ સાહેબની કલમે
## લખાયેલ મનનીય આધ્યાત્મિક પુસ્તકો

| | | |
|---|---|---|
| જૈન દર્શન દર્પણ | | ૧૦-૦૦ |
| નવપદ ઉપાસના | | ૧૦-૦૦ |
| આગમ અનુપ્રેક્ષા | | ૧૦-૦૦ |
| યોગદર્શન (બીજી આવૃત્તિ) | | ૬-૫૦ |
| વૈરાગ્ય ગંગા ,, | | ૩-૦૦ |
| ષોડશક પ્રવચનો ,, | | ૩-૦૦ |
| પ્રવચન પરાગ | | ૩-૦૦ |
| વૈરાગ્યમય વાર્તાઓ | | ૩-૦૦ |
| વીતરાગ વાણી | | ૩-૦૦ |
| તત્ત્વજ્ઞાન શ્રેણીનો ૨૦ પુસ્તકોનો સેટ | | ૨૦-૦૦ |
| જ્ઞાન જ્યોત વાર્તા શ્રેણીનો ૧૦ પુસ્તકોનો આકર્ષક સેટ | | ૨૦-૦૦ |
| સંસ્કાર જ્યોત વાર્તા શ્રેણીનો ૧૦ પુસ્તકોનો સેટ | | ૨૦-૦૦ |
| સંસ્કાર ધન ભા. ૧ થી ૧૨ નો સેટ | | ૧૨-૦૦ |
| ત્રણ ભાષ્યોનું વિજ્ઞાન | | ૧-૫૦ |
| સરળ નવતત્ત્વ | | ૧-૦૦ |
| શલ્યોદ્ધાર | | ૧-૦૦ |
| ચિંતન સાગર | | ૨-૦૦ |
| તત્ત્વ ચિંતન | ૧ | ૧-૦૦ |
| ચિંતન | ૧ | ૨-૦૦ |
| ચેતન તું ચે... | | ૧-૦૦ |

...ડુ

'રત્નમણી', ... ૧ અમદાવાદ-૯.

ટાઇટલ : પ્રિન્ટવેલ પ્રિન્ટર્સ, શાહપુર બહાઈ સેન્ટર, અમદાવાદ-૧.